" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-286 | AD-2026, Ashadh Sud -09 | Wednesday, Dt.22-07-2026 | Editor: Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભારત-અમેરિકા પ્રસ્તાવિત વેપાર કરારના વિરોધમાં

# કિસાન મહાપંચાયતમાં ભાગ લેવા જતા ખેડૂતોને શંભુ બોર્ડર પર રોકી દેવાયા

**ગાઝિયાબાદ સહિત અન્ય સરહદો પર પણ ખેડૂત આગેવાનોને રોકતા પોલીસ સાથે ઘર્ષણ**

નવી દિલ્હી,તા.૨૧

ભારત-અમેરિકા પ્રસ્તાવિત વેપાર કરારના વિરોધમાં કિસાન મહાપંચાયતમાં ભાગ લેવા દિલ્હી જઈ રહેલા પંજાબના ખેડૂતોને શંભુ સરહદ પર રોકી દેવામાં આવ્યા હતા. હરિયાણા પોલીસે સરહદ પર ફરી સિમેન્ટના બેરિકેડ અને અન્ય અવરોધ ઉભા કરીને ખેડૂતોને આગળ વધતા અટકાવ્યા હતા. આ કાર્યવાહી બાદ શંભુ સરહદ ફરી એકવાર ખેડૂતોના વિરોધનું કેન્દ્ર બની ગઈ છે. ગાઝિયાબાદ સહિત અન્ય સરહદો પર પણ ખેડૂત આગેવાનો અને કાર્યકરોને રોકાતા પોલીસ સાથે ઘર્ષણના બનાવો બન્યા હતા.

ખેડૂત સંગઠનોએ આરોપ લગાવ્યો કે સરકાર લોકશાહી રીતે વિરોધ કરવાનો અધિકાર છીનવી રહી છે. ખેડૂતોનું કહેવું છે કે તેઓ માત્ર પ્રસ્તાવિત ભારત-અમેરિકા વેપાર કરાર સામે પોતાની ચિંતા વ્યક્ત કરવા દિલ્હી જઈ રહ્યા હતા. શંભુ સરહદ પર ખેડૂતો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી પણ થઈ હતી. કેટલાક ખેડૂતોએ બેરિકેડ દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે પોલીસે તેમને આગળ વધતા અટકાવ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ભારે પોલીસ



બંદોબસ્ત ગોઠવાયો છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

બીકેયુ શહીદ ભગતસિંહના નેતા તેજવીર સિંહે આરોપ લગાવ્યો કે હરિયાણા પોલીસે પંજાબની સરહદની અંદર જ બેરિકેડ ઉભા કર્યા છે. તેમણે પંજાબ સરકાર પર પણ યોગ્ય વિરોધ ન કરવાનો આરોપ મૂક્યો હતો. બીજી તરફ હરિયાણાના વિવિધ જિલ્લાઓમાંથી ખેડૂતો દિલ્હી તરફ આગળ વધતા રહ્યા હતા.

દેશ બચાવો મોરચાના બેનર હેઠળ યોજાનારી મહાપંચાયતમાં પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશના અનેક ખેડૂત સંગઠનો જોડાયા છે. ખેડૂત નેતાઓનું કહેવું છે કે પ્રસ્તાવિત વેપાર કરારમાં કૃષિ, ડેરી, ડિજિટલ વેપાર, ઈ-કોમર્સ, રોકાણ અને અન્ય ક્ષેત્રોનો સમાવેશ થઈ શકે છે. તેમના મતે આ કરારથી ભારતીય કૃષિ અને ડેરી ક્ષેત્રને ગંભીર નુકસાન થઈ શકે છે. અમેરિકન કૃષિ અને ડેરી ઉત્પાદનો માટે ભારતીય બજાર ખુલ્લું મૂકવામાં આવશે તો નાના અને સીમાંત ખેડૂતો સ્પર્ધા કરી શકશે નહીં.

ખેડૂત સંગઠનોએ કેન્દ્ર સરકાર પાસે વેપાર કરાર સંબંધિત તમામ દસ્તાવેજ જાહેર કરવાની માંગ કરી છે. તેમનું કહેવું છે કે ખેડૂતો, મજૂરો, ડેરી ઉત્પાદકો અને નાના વેપારીઓ સાથે વ્યાપક ચર્ચા કર્યા વગર કોઈપણ વેપાર કરાર પર હસ્તાક્ષર ન કરવા જોઈએ. ખેડૂત આગેવાણોએ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓ પર ધ્યાન આપવામાં નહીં આવે તો દેશવ્યાપી આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# મુંબઈ કોર્ટે સોમાલી ચાંચિયાગીરીના બે કેસમાં ૪૪ આરોપીઓને આજીવન કેદ ફટકારી

મુંબઈ,તા.૨૧

મુંબઈની વિશેષ અદાલતે સોમાલી ચાંચિયાગીરીના બે અલગ અલગ કેસોમાં કુલ ૪૪ આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. માર્ચ ૨૦૨૪માં ઈરાની માછીમારી જહાજ અલ-કમ્બર ૭૮૬નું અપહરણ કરી ૨૩ ક્રૂ સભ્યોને બંધક બનાવવાના કેસમાં નવ સોમાલી નાગરિકોને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ એમવી રુએન હાઈજેકિંગ કેસમાં ૩૫ સોમાલી



આરોપીઓને પણ દોષિત ઠેરવી સજા સંભળાવવામાં આવી છે. બંને કેસની સુનાવણી દરિયાઈ ચાંચિયાગીરી વિરોધી અધિનિયમ, ૨૦૨૨ હેઠળ કરવામાં આવી હતી.

યલો ગેટ પોલીસ સ્ટેશન દ્વારા બંને કેસની તપાસ હાથ ધરાઈ હતી અને વિશેષ સરકારી વકીલ એડવોકેટ રણજીત વી. સાંગલે દ્વારા કોર્ટમાં દલીલો રજૂ કરવામાં આવી હતી. અદાલતે પુરાવા અને તપાસના આધારે તમામ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. એમવી રુએન કેસમાં મળેલી સજા દરિયાઈ ચાંચિયાગીરી વિરોધી અધિનિયમ હેઠળ ભારતની પ્રથમ સફળ સજા માનવામાં આવી રહી છે. આ ચુકાદાથી સમુદ્રી સુરક્ષા મજબૂત બનવાની સાથે ચાંચિયાગીરી સામે ભારતની કડક નીતિ અને ગુનેગારોને કાનૂની સજા અપાવવાની પ્રતિબધ્ધતા વધુ સ્પષ્ટ થઈ છે.

# સિક્કિમમાં સુરંગ પર ભૂસ્ખલન થતા ૧૦ના મોત, ૨૭ લોકો ફસાયા હોવાની આશંકા

શિલીંગ,તા.૨૧

સિક્કિમના નામચી જિલ્લામાં નિર્માણાધીન સુરંગ પર ભૂસ્ખલન થતાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. પોલીસના જણાવ્યા મુજબ સુરંગમાં અંદાજે ૨૭ લોકો ફસાયા હોવાની આશંકા છે, જ્યારે અત્યાર સુધીમાં ૧૦ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. મૃતકોમાં પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, આસામ અને સિક્કિમના કામદારોનો સમાવેશ થાય છે. હજુ કેટલાક મૃતદેહોની ઓળખ પ્રક્રિયા ચાલુ છે.



ભારે વરસાદ અને સુરંગમાં ભરાયેલા પાણીના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીઓ આવી રહી છે. પોલીસ, ફાયર બ્રિગેડ, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર તેમજ અન્ય એજન્સીઓ સતત બચાવ કામગીરીમાં જોડાઈ છે. ઘટનાના ચોક્કસ કારણ અંગે હજુ કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી અને સંપૂર્ણ તપાસ બાદ જ હકીકત સામે આવશે.

મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફોન પર વાત કરીને બચાવ કામગીરીની માહિતી મેળવી હતી અને કેન્દ્ર સરકાર તરફથી તમામ મદદની ખાતરી આપી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. ગૃહમંત્રી અમિત શાહે પણ મુખ્યમંત્રી સાથે વાત કરીને જરૂરી સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી છે.

### નવી દિલ્હીમાં યોજાયેલી એનડીએ સંસદીય દળની 'મંગલ મિલન' બેઠકમાં પ્રધાનમંત્રી બોલ્યા

# વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈ અન્યાય નહી થવા દઈએ : મોદી

નવી દિલ્હી,તા.૨૧

નવી દિલ્હીમાં યોજાયેલી એનડીએ સંસદીય દળની 'મંગલ મિલન' બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નીટ પેપર લીક મુદ્દે સરકારનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારનો અન્યાય થવા દેવામાં આવશે નહીં. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બેઠક બાદ જણાવ્યું



કે પેપર લીકના સમાચાર મળતાની સાથે જ સરકારે તાત્કાલિક કાર્યવાહી કરીને ૧૩ આરોપીઓની ધરપકડ કરી જેલમાં મોકલ્યા હતા. વિદ્યાર્થીઓને નુકસાન ન થાય તે માટે પુનઃ પરીક્ષા સમયસર યોજાઈ અને પરિણામ પણ વિલંબ વગર જાહેર કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે કડક વ્યવસ્થા અમલમાં મૂકવાના નિર્દેશ આપ્યા હતા. તેમણે કહ્યું કે પેપર લીકમાં સંડોવાયેલા લોકો સામે દેશના શ્રેષ્ઠ વકીલોની મદદથી કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે અને તેમને ઉદાહરણરૂપ સજા મળે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પેપર લીક માત્ર કોઈ એક રાજ્ય કે કેન્દ્રનો મુદ્દો નથી, પરંતુ સમગ્ર દેશ સાથે જોડાયેલો પ્રશ્ન છે. તમામ રાજ્યોએ રાજકારણથી ઉપર ઉઠીને આવા ગુનાઓ સામે એકજૂટ થઈ કાર્યવાહી કરવી જોઈએ.


બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ દેશની તાજેતરની સિદ્ધિઓ તેમજ વિવિધ દેશો સાથે થયેલા મુક્ત વેપાર કરારો અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે ખાતરી આપી કે ખેડૂતોના હિતો સર્વોપરી રહેશે અને કોઈપણ વેપાર કરારથી ખેડૂતોને નુકસાન નહીં થાય. તેમણે સરકારનું મુખ્ય લક્ષ્ય યુવાનોના ભવિષ્ય અને ખેડૂતોના હિતોની સુરક્ષા હોવાનું પુનરોચ્ચાર કર્યો.

# વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીને લઈને સંસદમાં ચર્ચાની રાહુલ ગાંધીએ કરી માંગ




નવી દિલ્હી,તા.૨૧

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી અને નીટ પેપર લીક મુદ્દે સંસદમાં ચર્ચાની માંગ કરી છે. તેમણે જણાવ્યું કે યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા પ્રશ્નો પર સરકાર જવાબ આપે. કોંગ્રેસ સહિત વિપક્ષે શિક્ષણ પ્રણાલીની અનિયમિતતાઓ અને વિદ્યાર્થીઓના વિરોધ મુદ્દે સરકારને ઘેરી છે.









### અમરેલી જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકો પણ

# નીટ, ગુજકેટની તૈયારી માટે અન્ય શહેરોમાં ટ્યુશન કરતા હોવાની ચર્ચા

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં છેલ્લાં બે વર્ષથી સરકારી આંકડા મુજબ ૮૮ જેટલા પ્રાથમિક શાળાના બાળકોના નામ શાળામાં ચાલતા હોવાછતાં શાળાએ હાજર રહેવાને બદલે ખાનગી ટ્યુશન ક્લાસ કરતા હોવાની માહિતી મળતા શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જો કે આવી ઘટના ફકત પ્રાથમિક શાળા પુરતી જ મર્યાદિત નહી પરંતુ ઉચ્ચતર માધ્યમિકમાં પણ આવી સ્થિતિ હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. અમરેલી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ શાળામાં અભ્યાસ કરતા હોય અને નામ પણ શાળામાં ચાલતુ હોય ત્યારે સરકારી આંકડા મુજબ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૮૮ જેટલા બાળકો જસદણ આલ્ફા સંકુલમાં ખાનગી ટ્યુશન કરતા હોય જેમાં નવોદય, સૈનિક સ્કૂલની તૈયારી કરાવવામાં આવતી હોય છે અને બાળકોની ફી અંદાજે રૂા.૯૦ હજાર હોવાનુ સામે આવ્યુ છે. જો કે આ કૌભાંડ બાદ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જયારે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ઉચ્ચતર માધ્યમિકમાં ધો.૧૨ સાયન્સમા ભણતા બાળકોનું પણ આ જ રીતે કૌભાંડ ચાલી રહ્યુ છે. સરકારી શાળામાં અભ્યાસ કરતા બાળકોના નામ શાળામાં હાજરી બોલાતી હોય ત્યારે આ જ બાળકો અમદાવાદ, રાજકોટ સહિતના શહેરોમાં નીટની પરીક્ષાની તૈયારી કરતા હોય છે. આ બાળકો માત્ર વાર્ષિક પરીક્ષા દેવા માટે જ શાળાએ આવતા હોવાનુ સામે આવ્યુ છે. જેમાં મોટાભાગના બાળકોના માતા-પિતા શાળામાં જ શિક્ષકો હોવાથી સમગ્ર કૌભાંડ બહાર આવતુ નથી. જાણવા મળતી માહિતી મુજબ શાળામાં નામ બોલાતુ હોય પરંતુ બાળકો નીટ અને ગુજકેટની તૈયારી અન્ય શહેરોમાં કરતા હોય છે.

### જિલ્લા શિક્ષણાધિકારી શાળામાં યોગ્ય તપાસ કરે તેવી માંગ ઉઠી

#### બાળકોની તપાસ કરવામાં આવશે : ડીઈઓ ગોહિલ

આ બાબતે જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલનો સંપર્ક કરતા જણાવ્યુ હતું કે આ બાબતની કોઈ ફરિયાદ કે જાણવા મળેલ નથી જો કોઈ વિદ્યાર્થીનું નામ શાળામાં ચાલતુ હોય અને વિદ્યાર્થી અન્ય જગ્યાએ ટ્યુશનની તૈયારી કરતા હોવાનુ સામે આવશે તો શાળા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# રાજુલામાં ૨ ઉમીએ વિદેશ અભ્યાસ અને રોજગારી અંગે માર્ગદર્શન સેમિનાર


અમરેલી,તા.૨૧

રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી દ્વારા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી બનાવવા ઈચ્છુક યુવાનો માટે ૨૩ જુલાઈએ રાજુલામાં બે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૧ વાગ્યે એચ. બી. સંઘવી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને બપોરે ૨ વાગ્યે જી.એમ.બી. પોલિટેકનિક કોલેજ ખાતે કાર્યક્રમ યોજાશે. સેમિનારમાં વિદેશી યુનિવર્સિટીઓમાં અભ્યાસ, રોજગારીની તકો, પાર્ટ ટાઈમ નોકરી, IELTS, TOEFL, સ્કોલરશિપ, વિઝા પ્રક્રિયા તેમજ સરકારની ઓવરસીઝ સેવાઓ અંગે નિષ્ણાંતો માર્ગદર્શન આપશે. જિલ્લા રોજગાર કચેરીએ વિદ્યાર્થીઓને સેમિનારનો લાભ લેવા અપીલ કરી છે.

### શહેરના માયકાંગલા નેતાઓને કારણે છેલ્લા એક વર્ષથી શહેરની મળતી લોલીપોપ

# બગસરાના સરકારી દવાખાનામાં ડાયાલીસીસ સેન્ટર ક્યારે ચાલુ થશે?

બગસરા,તા.૨૧





બગસરામાં તત્કાલિક આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે અત્યાધુનિક સરકારી હોસ્પિટલનું નવીનીકરણ કરવામાં આવ્યું હતુ. લોકાર્પણ સમયે આવેલા આરોગ્ય મંત્રીએ થોડા મહિનાઓમાં જ ડાયાલીસીસ સેન્ટર ચાલુ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી પરંતુ એક વર્ષ વીતિ ગયા બાદ પણ દવાખાનામાં ડાયાલીસીસ સેન્ટર ન ખુલતા સામાજિક સંસ્થાઓ દ્વારા આંદોલનની ચિમકી આપવામાં આવી હતી જો કે સંસ્થાના આગેવાનો જ પાણીમાં બેસી જતા રાજકિય આગેવાનોને મોકળુ મેદાન મળી ગયુ હતુ અને હજુ સુધી પણ ડાયાલીસીસ સેન્ટર શરૂ કરવામાં ન આવતા શહેરીજનો અને દર્દીઓમાં માયકાંગલી નેતાગીરી સામે રોષ ફેલાયો છે.

#### આગેવાનોનું મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ સાથે ફોટોસેશન

શહેરના રાજકિય આગેવાનો ધારાસભ્યની આગેવાનીમાં મુખ્યમંત્રી સહિતના મંત્રીઓની મુલાકાત લઈ ફોટોસેશન કરાવી સોશિયલ મીડિયામાં ચમકતા હોય છે પરંતુ શહેરના અણઉકેલ પ્રશ્ને આગેવાનો દ્વારા કોઈ નક્કર રજૂઆત કરવામાં આવતી નથી. મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ સાથેના ફોટો સોશિયલ મીડિયામાં મુકી આગેવાનો માત્ર સીનસપાટા કરતા હોવાનુ લોકો રોષ સાથે જણાવી રહ્યા છે.

# વડીયાના ખાન ખીજડીયા ગામે સુરવો નદીમાં ખનીજ ચોરી ઝડપાઈ

અમરેલી,તા.૨૧



વડિયા તાલુકાના ખાન ખીજડીયા ગામેથી પસાર થતી સુરવો નદીના પટમાં ચાલી રહેલા ગેરકાયદેસર ખનીજ ખનન સામે ખાણ અને ખનીજ વિભાગે સરપ્રાઈઝ દરોડો પાડી મોટી કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન ગેરકાયદેસર ખનન અને ખનીજ વહન કરતા એક જેસીબી અને બે ટ્રેક્ટર સહિત અંદાજે રૂ. ૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા તમામ વાહનોને આગળની કાયદેસરની કાર્યવાહી માટે વડિયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. લાંબા સમયથી ચાલતી ખનીજ ચોરી સામે તંત્રની આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. ખાણ-ખનીજ વિભાગે સ્પષ્ટ જણાવ્યું છે કે જિલ્લામાં ગેરકાયદેસર ખનન અને ખનીજ ચોરી સામે આગામી દિવસોમાં પણ સતત અને કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# અમરેલીમાં યુવા આપદા મિત્ર સ્કીમ હેઠળ રોડ સેફ્ટી સેમિનાર યોજાયો

અમરેલી,તા.૨૧

RTO અમરેલી અને જિલ્લા તાલીમ કેન્દ્ર સ્પીપાના સંયુક્ત ઉપક્રમે રોડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત "યુવા આપદા મિત્ર સ્કીમ" હેઠળ સેમિનાર યોજાયો હતો. જેમાં આશરે ૧૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ટ્રાફિકના નિયમોનું પાલન, હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ, લાયસન્સ બાદ જ વાહન ચલાવવું તેમજ સગીર વયે ડ્રાઈવિંગ ન કરવા અંગે સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને રોડ સલામતી સાથે કાયદાકીય જોગવાઈઓથી પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. અકસ્માત સમયે "PM-RAHAT" યોજના હેઠળ રૂ.૧.૫ લાખ સુધીની કેશલેસ સારવાર અને ઈજાગ્રસ્તને મદદ કરનારને "રાહવીર યોજના" અંતર્ગત રૂ.૨૫ હજાર સુધીના પ્રોત્સાહક પુરસ્કારની માહિતી પણ આપવામાં આવી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧| || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૦૧/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ભવાનભાઈ સાદુળભાઈ હાડગરડા
સરનામું :- મુ.ખાંભલિયા, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખાંભલિયા, તા.રાજુલા, જી. અમરેલી

### -:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખાંભલિયા મુકામે ના શ્રી ભવાનભાઈ સાદુળભાઈ હાડગરડા એ તેમના માતા નામે સ્વ.મોંઘીબેન સાદુળભાઈ હાડગરડાનું મરણ તા.૨૪/૦૭/૨૦૦૮ ના રોજ રાજુલા તાલુકાના ખાંભલિયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એમ.યુ.ઠાકર મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૬ માહે. જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૬/૦૭/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૭૦/૨૦૨૬ તા.૦૭/૦૭/૨૦૨૬

શ્રી લીલાવંતીબેન મણિલાલ સતાસીયા,
રહે.મોણીયા, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
મોણીયા, તા. વિસાવદર
.........સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી લીલાવંતીબેન મણિલાલ સતાસીયા, રહે.મોણીયા, તા.વિસાવદર, જી. જુનાગઢ એ તેમના પુત્ર શ્રી બળવંત મણિલાલ સતાસીયાનો જન્મ તા.૧૦/૦૭/૧૯૯૧ના રોજ વિસાવદર તાલુકાના મોણીયા ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા.વિસાવદરના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૭૪/૨૦૨૬ તા.૦૭/૦૭/૨૦૨૬

શ્રી અનીલભાઈ મણીલાલ રીબડીયા,
રહે.જીવાપરા, મુ.વિસાવદર, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર
તા. વિસાવદર
.........સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી અનીલભાઈ મણીલાલ રીબડીયા, રહે.જીવાપરા, મુ.વિસાવદર, તા.વિસાવદર, જી. જુનાગઢ એ તેમના બહેન શ્રી નયના મણીલાલ રીબડીયાનો જન્મ તા.૧૮/૦૫/૧૯૬૧ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદરના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા-વિસાવદર, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૬૩/૨૦૨૬ તા.૩૦/૦૬/૨૦૨૬

શ્રી પ્રભુદાસ રામદાસ મેસવાણીયા,
રહે.શેત્રંજ વડાળા, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
શેત્રંજ વડાળા, તા. વિસાવદર
.........સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી પ્રભુદાસ રામદાસ મેસવાણીયા રહે.શેત્રંજ વડાળા, તા.વિસાવદર, જી. જુનાગઢ. એ તેમના પુત્ર શ્રી હની પ્રભુદાસ મેસવાણીયાનો જન્મ તા.૨૪/૦૫/૨૦૨૪ના રોજ વિસાવદર તાલુકાના શેત્રંજ વડાળા ગામ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, શેત્રંજ વડાળા તા.વિસાવદરના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, શેત્રંજ વડાળા, તા.વિસાવદરના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ જુન ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી.શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની વારંવાર રજૂઆતના પ્રયાસોને મળી સફળતા**

# અમરેલીના શેડુભાર નજીક GIDCને મંજૂરી

અમરેલી,તા.૨૧

અમરેલી પંથકમાં લાંબા સમયથી મોટા ઉદ્યોગોના અભાવે રોજગારીની સમસ્યા સર્જાઈ રહી હતી. સ્થાનિક યુવાનોને રોજગાર માટે અન્ય શહેરોમાં સ્થળાંતર કરવું પડતું હોવાથી લોકો દ્વારા અનેક વખત લોકપ્રતિનિધિઓ અને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. હવે રાજ્ય સરકારે અમરેલી તાલુકાના શેડુભાર ગામ નજીક ૨૫ હેક્ટર સરકારી જમીન પર ઔદ્યોગિક વસાહત સ્થાપવાની મંજૂરી આપતાં સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ નિર્ણયથી આગામી સમયમાં મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઉભી થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.ધારાસભ્ય કૌશિક વેકરિયાના પ્રયાસોના પરિણામે રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. હાલમાં આ જમીન પર બાવળની ઝાડીઓ



છે, પરંતુ આગામી સમયમાં અહીં આધુનિક ઔદ્યોગિક વિસ્તાર વિકસાવવામાં આવશે. રાજ્યની ઔદ્યોગિક વિકાસ સંસ્થા દ્વારા ઉદ્યોગો માટે જરૂરી જમીન, રસ્તા, વીજળી, પાણી, ગટર સહિતની માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવશે, જેના કારણે વિવિધ પ્રકારના ઉદ્યોગો સ્થાપિત થઈ શકશે.ઔદ્યોગિક વિસ્તાર શરૂ થતાં સ્થાનિક યુવાનોને પોતાના જિલ્લામાં જ રોજગારી મળવાની શક્યતા વધશે અને મહાનગરો તરફનું સ્થળાંતર ઘટશે. સાથે સાથે પરિવહન, પેકિંગ, મશીન મરામત, માલ સંગ્રહ અને અન્ય સહાયક વ્યવસાયોને પણ પ્રોત્સાહન મળશે. વિસ્તારના રસ્તા, વીજળી અને અન્ય જાહેર સુવિધાઓમાં સુધારો થશે તેમજ આસપાસની જમીન અને મિલકતોની માંગમાં વધારો થવાની શક્યતા છે. ઉદ્યોગોના વિકાસથી સરકારની આવકમાં પણ વધારો થશે, જેના પરિણામે વિકાસના વધુ કાર્યોને વેગ મળશે અને અમરેલી જિલ્લાનું સ્થાનિક અર્થતંત્ર વધુ મજબૂત બનશે.

**જીઆઈડીસીની સ્થાપનાથી નવી રોજગારીની તક ખુલશે**

અમરેલી તાલુકાના શેડુભાર નજીક GIDCની સ્થાપના થવાથી સમગ્ર વિસ્તારમાં રોજગારીની નવી તકો ઊભી થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક યુવાનોને વિવિધ ઉદ્યોગોમાં નોકરી મળવાની સાથે સુરક્ષા, ડ્રાઇવિંગ, હાઉસકીપિંગ, મેન્ટેનન્સ અને અન્ય સહાયક સેવાઓમાં પણ રોજગારનું સર્જન થશે. ઉદ્યોગોના વિકાસ સાથે ચા-નાસ્તાની દુકાનો, હોટલો, ટ્રાન્સપોર્ટ, ગેરેજ, હાર્ડવેર, સ્ટેશનરી સહિતના નાના વેપારીઓને પણ સારો વ્યવસાય મળવાની સંભાવના છે. GIDCના વિકાસથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને આસપાસના ગામોના લોકો માટે આવકના નવા સ્ત્રોત ઊભા થશે.

# લાઠીના કાંચરડી ગામે પૂર સંરક્ષણ દિવાલના નિર્માણને સરકારની મંજુરી

લાઠી,તા.૨૧

લાઠી તાલુકાના કાંચરડી ગામના વર્ષો જૂના અને અત્યંત ગંભીર એવા પૂરના પ્રશ્નને કાયમી રીતે ઉકેલ માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ગામના ભૂગોળીય સ્થિતિસ્થાપકતા, નદીની નજીક સ્થિત વિસ્તાર અને વરસાદી સિઝનમાં થતા પ્રચંડ પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને, ગામની સુરક્ષા માટે રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલના નિર્માણ માટે સરકાર દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરી માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાએ રજૂઆતો કરી હતી. આ બજેટ હેઠળ મજબૂત RCC સ્ટ્રક્ચરની દિવાલનું નિર્માણ, વરસાદી સિઝનમાં પાણીની દિશા બદલીને ગામને સુરક્ષિત કરવાની વ્યવસ્થા, નદી અને નાળાના વધતા પાણીના પ્રવાહને નિયંત્રિત રાખવા



માટે તકનીકી રીતે મજબૂત ડિઝાઇન, ગ્રામ્ય વિસ્તારોની વસ્તી, ખેતીની જમીન અને પશુધનની સુરક્ષા માટે વિશેષ આયોજન, ભવિષ્યમાં નદીકાંઠે વધુ વિકાસકારી પ્રોજેક્ટને સરળ અને સુરક્ષિત બનાવવાનું આયોજન છે. આ અંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું કે “કાંચરડી ગામના લોકો વર્ષોથી પૂરની સમસ્યામાંથી ત્રાસ અનુભવી રહ્યા હતા. હવે ગામ વધુ સુરક્ષિત બનશે. લોકોની સલામતી અમારી પ્રથમ પ્રાથમિકતા છે. ભવિષ્યમાં આવા વધુ વિકાસકારી કામો પણ પ્રાથમિકતા પરથી હાથ ધરવામાં આવશે.”

# બગસરામાં રૂહાની બાગ કબ્રસ્તાનની દિવાલ પર દીપડો દેખાતાં લોકોમાં ભય

**દીપડાને પકડવા વનવિભાગ કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી**

બગસરા,તા.૨૧

બગસરા શહેરમાં અવારનવાર દીપડાની હાજરીથી સ્થાનિક રહીશોમાં સતત ભયનો માહોલ જોવા મળે છે. થોડા સમય પહેલાં



તસવીર : હાર્દિક બામટા

હૂડકો કોલોનીમાં એક બાળક પર દીપડાએ હુમલો કર્યો હતો, જેનાથી લોકોમાં પહેલેથી જ ફફડાટ વ્યાપેલો છે. તેવામાં હવે પોલીસ સ્ટેશનની પાછળ અને સાપર રોડ પર આવેલ રૂહાની બાગ કબ્રસ્તાનની દિવાલ પર બેઠેલા દીપડાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. દીપડાના આ આંટાફેરાને કારણે આસપાસના વિસ્તારમાં વસતા લોકોમાં ભારે ચિંતા અને ડરનો માહોલ ઊભો થયો છે. તંત્ર દ્વારા વહેલી તકે દીપડાને પાંજરે પૂરવામાં આવે તેવી સ્થાનિકો માગણી કરી રહ્યા છે.

# અમરેલી LCBએ રૂ.૧.૧૪ લાખના મુદ્દામાલ સાથે ૩ આરોપીઓ ઝડપ્યા

અમરેલી,તા.૨૧

અમરેલી એલસીબી ટીમે ધારીના લાઈનપરા વિસ્તારમાં થયેલી વણઉકેલાયેલી ઘરફોડ ચોરીનો ગુનો સફળતાપૂર્વક ઉકેલી નાખ્યો છે. મિલકત સંબંધી ગુનાઓ શોધવાની ઝુંબેશ હેઠળ પોલીસે બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે નિતિન સોલંકી, અજય વાઘેલા અને જયરાજ વાઘેલા નામના ત્રણ આરોપીઓની અટકાયત કરી હતી. પૂછપરછમાં આરોપીઓએ ૧૬ જુલાઈના રોજ મકાનની દિવાલ કૂદી, દરવાજો તોડી કબાટમાંથી રોકડ



અને સોનાના દાગીનાની ચોરી કર્યાની કબૂલાત કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૬,૦૦૦ રોકડા, સોના-ચાંદીના દાગીના, મોબાઈલ અને મોટરસાયકલ સહિત કુલ રૂ.૧,૧૪,૯૧૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કામગીરીથી ધારી પોલીસ સ્ટેશનમાં બીએનએસ (BNS) હેઠળ નોંધાયેલ ગુનો ડિટેક્ટ થયો છે.

# સા.કુંડલાના ગૂનાના કામના સાક્ષીનું અવસાન થતા પોલીસે નામ કમી કર્યુ

અમરેલી,તા.૨૧

અમરેલી પોલીસ અધીક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જૂના ટાર્ગેટેડ કેસોના નિકાલ અને સાક્ષીઓને કોર્ટમાં હાજર રાખવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત એલસીબી પીઆઈ સી.પી. વાઘેલા અને પેરોલ ફલો સ્કવોડના પીએસઆઈ એન.જી. સાપરાની ટીમે સાવરકુંડલા કોર્ટના વર્ષ ૨૦૧૪ના ગુનાના કામના સાક્ષી જીવરાજભાઈ અરજણભાઈ દોંગા (રહે. મીઠાપુર ડુંગરી, તા. ધારી) અંગે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ સાક્ષી છેલ્લા ૧૧ વર્ષથી કોર્ટમાં હાજર રહ્યા ન હતા. જેથી ખાતરી કરતા માલૂમ પડ્યું કે મજકુર સાક્ષીનું અવસાન થયું છે. પોલીસે તેમના મરણના આધાર-પુરાવા મેળવીને કોર્ટમાંથી તેમનું નામ કમી કરાવવાની જરૂરી આગળની કાયદાકીય કાર્યવાહી કરી છે.

# રાજુલામાં કોમન કેન્સર સ્ક્રીનીંગ અને વહેલા નિદાન અંગે આરોગ્ય કર્મચારીઓને તાલીમ

રાજુલા,તા.૨૧

રાજુલા અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોમન કેન્સર સ્ક્રીનીંગ અને અર્લી ડિટેક્શન વિષયક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં રાજુલા અને જાફરાબાદ વિસ્તારના મેડિકલ ઓફિસર, સી.એચ.ઓ. કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. મિતેશ સોલંકી અને ડૉ. વિરાટ અગ્રાવતે રોલ પ્લેના માધ્યમથી કેન્સરના પ્રારંભિક લક્ષણો, સ્ક્રીનીંગની પધ્ધતિ અને દર્દીઓના કાઉન્સેલિંગ અંગે



તસવીર : ગોપાલ રાઠોડ

માર્ગદર્શન આપ્યું હતું. તાલીમનો હેતુ મોં, સ્તન અને ગર્ભાશયના કેન્સરનું વહેલા તબક્કે નિદાન કરી સારવારની શક્યતા વધારવાનો હતો. આગામી સમયમાં સ્થાનિક સ્તરે કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ યોજી લોકોમાં વધુ જાગૃતિ લાવવામાં આવશે.

# અમરેલી જિલ્લામાં ખરીફ પાકના વાવેતરમાં નજીવો ફેરફાર



અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં ખરીફ વાવેતર તા.૨૦ જુલાઈ ૨૦૨૬ સુધીમાં કુલ ૫,૦૯,૮૪૬હેક્ટર જમીનમાં થઈ ચૂક્યું છે. જિલ્લામાં ખેડૂતોએ મગફળી અને કપાસના પાક પર સૌથી વધુ પસંદગી ઉતારી છે. સમગ્ર જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૧૩૨૮૦ હેક્ટરમાં મગફળી અને ૨૬૦૪૬૯ હેક્ટરમાં કપાસનું વાવેતર નોંધાયું છે. આ સિવાય સોયાબીનનું વાવેતર પણ ૧૪૨૪૫ હેક્ટર જેવા મોટા વિસ્તારમાં થયું છે.આ વર્ષે વરસાદ મોડો પણ સમયસર આવતા ખેડૂતો માટે વરસાદ આર્શીવાદરૂપ સાબિત થયો છે. જૂન મહિનામાં ગત વર્ષની સરખામણીએ ઓછો વરસાદ નોંધાયો હતો જો કે જુલાઈ માસમાં મેઘરાજાએ અમરેલી જિલ્લા પર હેત વરસાવતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

**અમરેલી જિલ્લો: ખરીફ-2026 ઋતુમાં તા:20-07-2026 અંતિત રાજ્યનો ગયા વર્ષે આ સમયગાળા દરમ્યાન તેમજ નોર્મલ વિસ્તારની સરખામણીમાં થયેલ વાવેતર વિસ્તાર (હેક્ટર)**

| અનુ. | પાક | નોર્મલ વાવેતર છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ | ગયા વર્ષે આ સમયગાળા દરમ્યાન થયેલ વાવેતર વિસ્તાર | ચાલુ વર્ષે અત્યાર સુધીમાં થયેલ વાવેતર વિસ્તાર | નોર્મલ વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે થયેલ વાવેતરના ટકા |
|---|---|---|---|---|---|
| 1 | બાજરી | 1206 | 1108 | 827 | 68.57% |
| 2 | તુવેર | 1792 | 1255 | 1519 | 84.77% |
| 3 | મગ | 1437 | 1205 | 965 | 67.15% |
| 4 | મઠ | 118 | 88 | 33 | 27.97% |
| 5 | અડદ | 602 | 525 | 187 | 31.06% |
| 6 | મગફળી | 203094 | 241499 | 213280 | 105.02% |
| 7 | તલ | 2056 | 1585 | 1067 | 51.9% |
| 8 | દિવેલા | 1357 | 859 | 452 | 33.31% |
| 9 | સોયાબીન | 10378 | 9825 | 14245 | 137.26% |
| 10 | કપાસ | 310026 | 266240 | 260469 | 84.02% |
| 11 | શાકભાજી | 4722 | 5323 | 4766 | 100.93% |
| 12 | ઘાસચારો | 18184 | 17547 | 12006 | 66.03% |
| અમરેલી જિલ્લાનુ કુલ | | 554985 | 547059 | 509846 | 91.87% |

## અવસાન નોંધ

**બગસરા**

બગસરા ગામના નિવાસી લોહાણા સ્વ. ઠા. વ્રજલાલ મોહનલાલ મશરૂના ધર્મપત્ની કુંદનબેન (ઉ.વ.૮૫) તે સંજયભાઈ, હિતેષભાઇ, નીલમબેન સંજયભાઈ બંઝારા (સા.કુંડલા), વર્ષાબેન અનિલભાઈ રૂપારેલીયા(ધારી)ના માતુશ્રીનું તા.૨૧ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું ઉઠમણું બેસણું તા. ૨૩ને ગુરુવારના રોજ ૪ થી ૬ શ્રીલોહાણા મહાજન વાડી અમરેલી રોડ બગસરા ખાતે રાખેલ છે. મોસાળ પક્ષ ની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટ**

સ્વ.વિનોદચંદ્ર છોટાલાલ વ્યાસ(ઉ.વ.૭૫)નું તા.૨૦/૦૭/૨૦૨૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્થળ: કેવલમ કિંઠમ એપાર્ટમેન્ટ, કેસ્ટલ વિંગ-૨૦૧, માધાપર ચોકડી, રાજકોટ.

**બાબરા**

સ્વ શ્રી નારણ ભાઈ દાના ભાઈ ચાંવ ઉમર ૧૦૩ વર્ષ.તે કરિયાણા નિવાસી (હાલ બાબરા)તે સ્વ શિવલાલ ભાઈ દાના ભાઈ ચાંવ તથા ભગવાનજી ભાઈ ચાંવના નાના ભાઈ તથા વ્રજલાલ ભાઈ તથા કરશન ભાઈના મોટા ભાઈનું અવસાન તા ૨૧/૦૭/૨૬ ને મંગળવારના રોજ થયેલ છે જેમનું બેસણું તા. ૨૩ને ગુરુવારના રોજ ૪ થી ૬ રાજગોર બ્રાહ્મણ ની વાડી એ રાખેલ છે બાબરા.રાજકોટ -ભાવનગર રોડ માર્કેટિંગ યાર્ડ ની બાજુ માં રાખેલ છે.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**CHANGE OF NAME**

I, the undersigned, Mitaben Navneetbhai Helaiya. My old name Meetaben Navneet Helaiya, has been changed to Mitaben Navneetbhai Helaiya. Therefore, I shall henceforth be known by this name.


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

**તંત્રી લેખ**


# વિદ્યાર્થીઓ સાથે સંવાદથી સમાધાન

નીટ સહિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થયેલી ગેરરીતિઓને કારણે દેશભરના વિદ્યાર્થીઓમાં ચિંતા, નિરાશા અને અસંતોષની લાગણી સ્વાભાવિક રીતે ઉભી થઈ છે. લાખો વિદ્યાર્થીઓ વર્ષો સુધી કઠોર મહેનત કરીને પોતાના ભવિષ્ય માટે તૈયારી કરે છે, પરંતુ જ્યારે પેપર લીક અથવા અન્ય ગેરરીતિઓના સમાચાર સામે આવે છે, ત્યારે તેમની મહેનત પર પ્રશ્નચિહ્ન ઊભું થાય છે. આ પરિસ્થિતિ માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, પરંતુ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા માટે પણ ગંભીર પડકાર છે. સરકારે વિદ્યાર્થીઓની લાગણીઓની ગંભીરતા સમજી છે અને તેમની માંગણીઓ પર વિચાર કરવાની તૈયારી દર્શાવી છે. હવે સમય સંઘર્ષને લાંબો ખેંચવાનો નહીં, પરંતુ સંવાદ દ્વારા ઉકેલ શોધવાનો છે.વિદ્યાર્થીઓની વેદના અને આક્રોશ સંપૂર્ણપણે વ્યાજબી છે. જો સરકાર તેમની મુખ્ય માંગણીઓને હકારાત્મક રીતે સ્વીકારીને જરૂરી સુધારાત્મક પગલાં લેવા માટે પ્રતિબધ્ધ હોય, તો વિદ્યાર્થી સંગઠનોએ પણ લોકશાહી પરંપરાનું પાલન કરીને પોતાના આંદોલનને સ્થગિત કરવાનો વિચાર કરવો જોઈએ. આ કોઈ પક્ષની હાર નહીં, પરંતુ દેશના લાખો વિદ્યાર્થીઓની જીત બની શકે છે. સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચે વિશ્વાસનું મજબૂત બંધન જ શિક્ષણ વ્યવસ્થાને વધુ વિશ્વસનીય બનાવી શકે છે.સરકારે સ્પષ્ટ સમયમર્યાદામાં પરીક્ષા પ્રણાલીમાં સુધારા લાવવા જોઈએ. પેપર લીક જેવી ગેરરીતિઓમાં સંડોવાયેલા તત્વો સામે કડક અને નિષ્પક્ષ કાર્યવાહી થવી જોઈએ. સાથે સાથે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પ્રશ્ન પત્રોની સુરક્ષા વધારવી, સમગ્ર પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવી અને જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવી જરૂરી છે. વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે નિયમિત સંવાદ જાળવવાથી વિશ્વાસમાં વધારો થશે અને ભવિષ્યમાં આવી પરિસ્થિતિઓને ટાળી શકાશે.દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલી રહેલું CJPનું આંદોલન માત્ર એક સંગઠનનો કાર્યક્રમ નથી, પરંતુ શિક્ષણ વ્યવસ્થામાં વિશ્વસનીયતા જાળવવા માટેની ચિંતાનું પ્રતિક છે. સરકાર માટે આ આંદોલનને માત્ર વિરોધ તરીકે નહીં, પરંતુ યુવાનોના વિશ્વાસના સંકટ તરીકે જોવું વધુ જરૂરી છે. દેશની સૌથી મોટી મૂડી તેની યુવા શક્તિ છે. જો યુવાનોને એવું લાગશે કે મહેનત કરતાં ગેરરીતિઓ વધુ અસરકારક બની રહી છે, તો તે સમગ્ર રાષ્ટ્ર માટે ચિંતાજનક સ્થિતિ બની શકે છે.આ સ્થિતિમાંથી બહાર આવવા માટે સરકાર અને વિદ્યાર્થી સંગઠનો વચ્ચે રચનાત્મક ચર્ચાની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. શિક્ષણવિદો, નિવૃત્ત ન્યાયાધીશો અને પરીક્ષા નિષ્ણાંતોની સંયુક્ત સમિતિ રચીને વિદ્યાર્થીઓની રજૂઆતો સાંભળવામાં આવે તો ઘણા પ્રશ્નોનો ઉકેલ સહમતિથી મળી શકે. લોકશાહીમાં સંવાદ હંમેશા ટકરાવ કરતાં વધુ અસરકારક સાબિત થયો છે. સાથે જ પ્રશ્નપત્ર તૈયાર થવાથી લઈને પરિણામ જાહેર થાય ત્યાં સુધીની સમગ્ર પ્રક્રિયાનું સ્વતંત્ર ઓડિટ કરવું અને દરેક પરીક્ષા પછી પારદર્શક અહેવાલ જાહેર કરવો પણ જરૂરી છે.આંદોલન લાંબા સમય સુધી ચાલે તે કોઈના હિતમાં નથી. સરકાર સંવેદનશીલતા અને જવાબદારી સાથે આગળ વધે તેમજ વિદ્યાર્થીઓ વિશ્વાસ સાથે સહકાર આપે, તો આ સમગ્ર ઘટનામાંથી વધુ મજબૂત, પારદર્શક અને વિશ્વસનીય પરીક્ષા વ્યવસ્થા ઉભી થઈ શકે છે. દેશના યુવાનોનું ભવિષ્ય કોઈ રાજકીય મુદ્દો નથી, પરંતુ રાષ્ટ્રના વિકાસનો પાયો છે. તેથી તમામ પક્ષોએ પરસ્પર વિશ્વાસ, જવાબદારી અને સંવાદના માર્ગે આગળ વધીને વિદ્યાર્થીઓના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. એ જ દેશના દરેક વિદ્યાર્થી માટે સાચી જીત ગણાશે.

# બગસરાના જુના વાઘણીયા ગામમાં તસ્કરોએ મકાનો અને મંદિરમાં તાળા તોડી લાખોની ચોરી કરી

અમરેલી,તા.૨૧

બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામમાં એક જ રાત દરમિયાન તસ્કરોએ ચોરીનો તરખાટ મચાવતા ગામમાં ભયનો માહોલ સર્જાયો છે. તસ્કરોએ દુકાનો, રહેણાંક મકાનો તેમજ રામજી મંદિર સહિત અનેક સ્થળોને નિશાન બનાવી તાળા તોડી નાખ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ ૧૦થી વધુ સ્થળોએ ચોરી અથવા



ચોરીના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ઘટનાને લઈને ગામલોકોમાં ભારે રોષ ફેલાયો છે. નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં બુકાનીધારી તસ્કરો બજારમાં ફરતા જોવા મળ્યા હોવાનું સામે આવ્યું છે. પોલીસ આ ફૂટેજના આધારે આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો કરી રહી છે. ધારીના એએસપી જયવીર ગઢવીએ જણાવ્યું હતું કે ગામમાં બેથી ત્રણ સ્થળોએ ચોરી થઈ છે, જ્યારે અન્ય સ્થળોએ માત્ર તાળા તોડવામાં આવ્યા છે. પ્રાથમિક અંદાજ મુજબ આશરે ૪ લાખ રૂપિયાની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# બાબરાની બીઓબીના ખાતામાં સાયબર ફ્રોડના નાણા જમા કરાવી સગેવગે કરનાર સામે ગુનો

બાબરા, તા. ૨૧

બાબરા સ્થિત બેંક ઓફ બરોડાની શાખાના એક ખાતામાં સાયબર ફ્રોડના નાણાં જમા કરાવી, ઈન્ટરનેટ બેંકિંગ મારફતે અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી અંગત વપરાશ માટે સગેવગે કરવાનો ગંભીર ગુનો સામે આવ્યો છે.આરોપી અરવિંદભાઈ ભીખુભાઈ સોલંકીએ આ બેંક એકાઉન્ટમાં અલગ-અલગ બે ટ્રાન્ઝેક્શન દ્વારા સાયબર ફ્રોડની રકમ મેળવી હતી. જેમાં તારીખ ૨૦ માર્ચ, ૨૦૨૬ના રોજ રૂ. ૧,૦૦,૦૦૦ તથા અગાઉ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સાયબર અરજી સંદર્ભે રૂ. ૧૦૦ મળીને કુલ રૂ. ૧,૦૦,૧૦૦ જમા થયા હતા. આરોપીએ આર્થિક ફાયદો મેળવવાના ઈરાદાથી આ રકમ પોતાના ખાતામાં મેળવ્યા બાદ ઈન્ટરનેટ બેંકિંગથી અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી અંગત કામ માટે વાપરી નાખી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**જાફરાબાદમાં બંને પક્ષોની ફરિયાદ લઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી**

# 'તું મારા દિકરાને કેમ ગાળો આપે છે' તેમ કહી ધમકી આપી

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદમાં બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. જીગ્નેશભાઈ પ્રવિણભાઈ સોલંકી (ઉ.વ.૨૯)એ ભારતીબેન દિનેશભાઈ સોલંકી, મનિષભાઈ મોહનભાઈ સોલંકી, મોહનભાઈ મંગાભાઈ સોલંકી, તુષારભાઈ નરેશભાઈ બારૈયા, મનિષભાઈ નરેશભાઈ બારૈયા, દિનેશભાઈ કરશનભાઈ બારૈયા, નરેશભાઈ રાજાભાઈ બારૈયા, નિતિનભાઈ રામજીભાઈ બારૈયા, કશ્યપભાઈ દિનેશભાઈ સોલંકી, જીવીબેન મોહનભાઈ સોલંકી, જયશ્રીબેન સચીનભાઈ બારૈયા, વસંતીબેન શુકરભાઈ બારૈયા તથા પંકજભાઈ મોહનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી.ભારતીબેન સોલંકીએ તેમના ઘર પાસે જઈને કહ્યું કે, "તું મારા દિકરાને કેમ ગાળો આપે છે અને બાયલો કેમ કહે છે?" જેથી તેમણે કહ્યું કે, "હું કોઈને ગાળો આપતો નથી પરંતુ તમારો દિકરો મારા ભાઈને જાફરાબાદનો રોકી કહે છે." તેવામાં મનિષભાઈ સોલંકીએ આવી તેના ભાઈને ઝાપટ મારી હતી. મોહનભાઈ સોલંકીએ આવી તેના ભાઈને પેટમાં પાટુ માર્યુ હતું. ઉપરાંત, આરોપીઓએ તેમના ઘરની જાળી ઉપર ચડી બંધ હાલતના કેમેરા તોડી રૂ. ૩૦૦૦નું નુકસાન કર્યું હતું. તેમજ ત્યાં ઉભેલા તેમના મામીનું પાછળના ભાગેથી બ્લાઉઝ ફાડી નાંખી છેડતી કરી હતી, તેમજ વિજયભાઈને મોઢાના ભાગે તથા છાતીના ભાગે પાટુ માર્યુ હતું. આરોપીઓએ જેમફાવે તેમ ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી.જે બાદ હાલ મુંબઈ રહેતા જયશ્રીબેન સચીનભાઈ બારૈયા (ઉ.વ.૩૫)એ પ્રફુલભાઈ પ્રવિણભાઈ સોલંકી, જીગ્નેશભાઈ પ્રવિણભાઈ સોલંકી, જયદીપભાઈ પ્રવિણભાઈ સોલંકી, વિજયભાઈ ભગવાનભાઈ, દિપકભાઈ ભગવાનભાઈ, વર્ષાબેન દિપકભાઈ તથા સવિતાબેન પ્રવિણભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પ્રફુલભાઈ સોલંકીએ નશાની હાલતમાં તેમના પપ્પાના ઘરે આવી તેમને ગાળો આપી હતી. જેથી તેમણે ગાળો દેવાની ના પાડતા તેનો હાથ પકડી છેડતી કરવાના ઈરાદે સાડીનો છેડો ખેંચ્યો હતો, જેથી તેઓ ઘરે જતા રહ્યા હતા.

જે બાદ તેમના ફઈ ભારતીબેને પ્રફુલભાઈ સોલંકીના ઘરે જઈ કહેલ કે, "મારા દિકરાને બાયલો કેમ કહે છે?" જેથી તેણે ઉશ્કેરાઈ જઈ ગાળો આપી હતી. અવાજ અને દેકારો થતાં તેના

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

પરિવારજનો આવી જતા વધુ મારમાંથી બચાવ્યા હતા અને ઝઘડો નહીં કરવા સમજાવ્યા હતા. પરંતુ એકસંપ કરી માર મારી તેમને જેમફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના તાઈવદર ગામના સીમ વિસ્તારમાં જુગાર રમતા ૬ ઝડપાયા

બાબરા, તા. ૨૧

બાબરાના તાઈવદર ગામના સીમ વિસ્તારમાં જુગાર રમતા ૬ ઈસમો ઝડપાયા હતા. તેમની પાસેથી રૂ. ૧૩,૩૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ડાયાભાઈ અરજણભાઈ સોલંકી, રઘુભાઈ વેલાભાઈ મકવાણા, વાસકુરભાઈ કાળુભાઈ ધાધલ, કુલદીપભાઈ ભીખુભાઈ શાક, પ્રવિણભાઈ રૂપાભાઈ મકવાણા તથા શૈલેષભાઈ દેવરાજભાઈ રાઠોડ તાઈવદર ગામના સીમ વિસ્તારમાં આવેલી સરકારી પડતર જમીનમાં હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૩,૨૦૦ અને હાથબત્તી મળી કુલ રૂ. ૧૩,૩૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના ASI જે.આર. દાંતી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# હાવતડ ગામ પાસે કારમાં કેફી પીણું પીને બેઠેલા ૬ શખ્સો ઝડપાયા

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં કુલ ૮ ઈસમોને ઝડપી પાડ્યા હતા. જેમાં દામનગરના હાવતડ ગામ પાસે કારમાં કેફી પીણું પીને બેઠેલા ૬ શખ્સો પકડાયા હતા. આ તમામ લોકો સુરેન્દ્રનગર જિલ્લાના

**દહીંથરા અને વિક્ટર બ્રિજ પાસેથી પણ એક-એક શરાબી ઝડપાયો**

સાયલા તાલુકાના વતની હતા. આ ઉપરાંત, દહીંથરા અને વિક્ટર બ્રિજ પાસેથી પણ એક-એક શરાબીને પકડી પાડવામાં આવ્યો હતો.

# અમરેલીના જાળીયા ગામે ઘરની બહાર પાર્ક કરેલી ફોર વ્હીલમાં આગ લાગી

અમરેલી, તા. ૨૧

અમરેલીના જાળીયા ગામે ઘરની બહાર પાર્ક કરેલી ફોર વ્હીલ ગાડીમાં આગ લાગી હતી. આશિષભાઈ વિનોદભાઈ હરખાણી (ઉં.વ. ૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમના કંપની માલિક આકાશભાઈ ભાસ્કરરાય જોશીની ફોર વ્હીલ ગાડી ઘરની બાજુમાં જાહેર રોડ પર પાર્ક કરી હતી. તેમાં કોઈ કારણસર આગ લાગતાં આગળનું બોનેટ તેમજ હેડલાઈટ વાળો ભાગ બળી જતાં અંદાજે રૂ. બે લાખનું નુકસાન થયું હતું. આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. ડી. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ


| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૨૦ | ૧૯૦૯ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૨૬૨ |
| જુવાર લાલ | ૧૧૦૦ | ૧૩૪૮ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૪૦૫ | ૫૧૮ |
| મકાઇ | ૩૪૦ | ૫૧૬ |
| તુવેર | ૧૦૫૦ | ૧૬૪૮ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૨૩૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૨૦૪૪ |
| મગ | ૧૨૦૦ | ૧૮૩૨ |
| વાલ દેશી | ૬૧૫ | ૯૦૫ |
| ચોળી | ૯૫૦ | ૧૫૨૧ |
| વટાણા | ૫૪૦ | ૭૯૫ |
| કળથી | ૪૫૦ | ૬૫૦ |
| રાજમા | ૧૪૦૦ | ૨૦૫૧ |
| સીંગદાણા | ૧૭૭૫ | ૨૨૬૦ |
| મગફળી જાડી | ૧૨૧૨ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૧૭૦ | ૧૫૩૫ |
| તલી | ૨૨૦૦ | ૨૫૧૧ |
| સુરજમુખી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| એરંડા | ૧૨૮૪ | ૧૪૦૭ |
| અજમો | ૧૬૦૦ | ૨૪૨૫ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૧૧૫૫ | ૧૫૨૧ |
| સીંગફાડા | ૧૫૦૦ | ૧૮૪૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૭૩૭ |
| લસણ | ૧૧૨૧ | ૨૭૨૫ |
| ધાણા | ૨૫૦૦ | ૩૦૫૦ |
| ધાણી | ૨૫૦૧ | ૩૧૨૫ |
| વરીયાળી | ૧૨૫૬ | ૧૬૮૦ |
| જીરૂ | ૩૩૨૧ | ૪૦૧૦ |
| રાય | ૧૩૪૦ | ૧૯૧૦ |
| મેથી | ૯૫૦ | ૧૯૭૦ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૧૨૨૫ | ૧૨૨૫ |
| કલોંજી | ૨૯૦૧ | ૩૬૬૧ |
| રાયડો | ૧૨૨૦ | ૧૪૯૫ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૧૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૫ | ૮૧૫ |
| પપૈયા | ૧૬૨ | ૩૧૨ |
| બટેટા | ૮૧ | ૨૯૪ |
| ડુંગળી સુકી | ૨૦૧ | ૪૯૫ |
| ટમેટા | ૪૦૫ | ૬૨૪ |
| સુરણ | ૭૨૯ | ૯૪૫ |
| કોથમરી | ૨૪૭૮ | ૩૫૫૪ |
| રીંગણા | ૯૩ | ૨૩૩ |
| કોબીજ | ૧૮૧ | ૪૫૫ |
| ફ્લાવર | ૩૧૧ | ૬૭૮ |
| ભીંડો | ૭૦૫ | ૯૯૨ |
| ગુવાર | ૫૪૪ | ૧૩૫૮ |
| ચોળાસીંગ | ૨૫૯ | ૫૬૨ |
| ટીંડોળા | ૪૭૧ | ૯૩૩ |
| દુધી | ૨૧૮ | ૩૭૭ |
| કારેલા | ૩૧૪ | ૬૪૪ |
| સરગવો | ૫૭૬ | ૧૧૫૭ |
| તુરીયા | ૬૧૯ | ૯૫૬ |
| પરવર | ૬૨૨ | ૮૪૩ |
| કાકડી | ૨૬૬ | ૮૮૪ |
| ગાજર | ૩૫૧ | ૫૭૯ |
| વટાણા | ૧૫૯૦ | ૨૬૨૮ |
| ગલકા | ૧૭૬ | ૩૨૩ |
| બીટ | ૩૮૫ | ૫૯૩ |
| મેથી | ૧૦૨૯ | ૧૫૮૮ |
| ડુંગળી લીલી | ૭૬૪ | ૧૦૨૮ |
| આદુ | ૧૬૨૬ | ૩૦૪૯ |
| મરચા લીલા | ૭૫૪ | ૯૭૩ |
| મકાઇ લીલી | ૧૬૫ | ૩૨૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૮૫૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૬૩૬ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૨૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૨૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૨૨૬ | ૧૪૦૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૭૧ |
| કલંજી | ૧૦૦૧ | ૩૫૪૧ |
| ધાણા | ૨૬૦૧ | ૩૧૯૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૫૮૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૪૯૬ |
| અડદ | ૫૦૦ | ૨૦૬૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૬૪૧ |
| રાય | ૧૧૫૧ | ૧૬૦૧ |
| મેથી | ૩૦૦ | ૧૪૩૧ |
| કાંગ | ૬૬૧ | ૬૮૧ |
| ગુવાર બી | ૯૫૧ | ૯૫૧ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૭૪૧ |
| સફેદ ચણા | ૧૧૫૧ | ૧૯૬૧ |
| તલ - તલી | ૧૭૭૬ | ૨૭૩૧ |
| ઇસબગુલ | ૧૫૫૦ | ૨૨૨૧ |
| ધાણી | ૨૭૦૧ | ૩૧૭૧ |
| જુવાર | ૧૧૦૧ | ૧૩૩૧ |
| મકાઇ | ૪૩૧ | ૪૩૧ |
| મગ | ૧૧૫૧ | ૧૮૦૧ |
| ચણા | ૧૦૮૧ | ૧૨૬૧ |
| વાલ | ૩૧૧ | ૧૧૧૧ |
| ચોળા / ચોળી | ૪૭૬ | ૧૩૯૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૫૦૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૩૬૧ | ૮૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૬૦ | ૫૪૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦ | ૪૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૬૪ |
| લીલી હળદર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી પુરા | ૮ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| કાચા કેળા | ૧૨૦ | ૨૬૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| વાલોર | ૨૦૦ | ૨૨૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૩૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૩ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૫૦ |
| શિંગ દાણા | ૧૫૯૫ | ૨૦૯૫ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૨૬૭૦ |
| કાળા તલ | ૨૧૯૦ | ૩૮૫૫ |
| બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| જુવાર | ૬૪૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૦ |
| મકાઈ | ૩૨૦ | ૫૫૫ |
| અડદ | ૭૦૦ | ૧૯૨૫ |
| ચણા | ૯૬૦ | ૧૨૩૫ |
| ચણા દેશી | ૧૧૫૦ | ૧૧૬૫ |
| સફેદ ચણા | ૧૦૨૫ | ૧૧૪૦ |
| છોલે ચણા | ૯૫૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૧૫ |
| કપાસ | ૮૫૦ | ૧૮૯૦ |
| જીરુ | ૩૮૫૦ | ૩૮૫૦ |
| રાય | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ધાણી | ૨૨૯૦ | ૩૦૩૦ |
| મેથી | ૧૧૮૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૯૨૫ | ૧૫૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૪૧૦ |
| શકકરીયા | ૬૨૦ | ૭૨૦ |
| ટમેટાં | ૬૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૫૧૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૨૦ | ૬૦૦ |
| ગલકા | ૧૬૦ | ૨૭૦ |
| ચીભડા | ૬૧૦ | ૧૦૫૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૨૯૫૦ | ૩૦૩૦ |
| ચોળા લીલા | ૩૧૦ | ૫૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૨૫૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૨૦ | ૮૩૦ |
| ડુંગળી લીલી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી સુકી | ૨૪૦ | ૫૫૦ |
| લસણ સુકું | ૧૩૦૦ | ૨૨૫૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીબુ | ૬૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૪૧ |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૨૨૫૧ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૪૧ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૨૯ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૯૫૧ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૫ |
| બાજરો | ૩૫૦ | ૪૩૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| મગ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૮૨ |
| તુવેર | ૧૨૧૦ | ૧૪૫૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૨૭ |
| ધાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૧૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૩૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૧૪૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૬૫૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૮૦ |
| ઘઉં | ૫૦૧ | ૫૨૧ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૧૩ |
| ચણા | ૯૦૦ | ૧૨૧૨ |
| ધાણા | ૨૯૦૦ | ૩૧૫૦ |
| તુવેર | ૧૩૯૫ | ૧૩૯૫ |
| સોયાબીન | ૧૩૮૦ | ૧૪૭૫ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૭૨ |
| ચણા સફેદ | ૯૬૫ | ૧૧૪૫ |
| તલ સફેદ | ૨૩૩૫ | ૨૩૩૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૪૦૫ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૨૫ |
| તુવેર | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૩૦૦૦ |
| એરંડા | ૧૩૦૫ | ૧૩૩૦ |
| જુવાર | ૪૩૦ | ૪૩૦ |
| તલ કાળા | ૩૪૫૦ | ૩૪૫૦ |
| શીંગદાણા | ૧૬૮૦ | ૧૯૮૫ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| સોયાબીન | ૧૩૨૫ | ૧૩૯૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૦૦૧ | ૧૦૯૦ |
| જુવાર | ૪૧૨ | ૧૨૪૬ |
| બાજરી | ૪૦૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૧૬ | ૫૬૩ |
| અડદ | ૭૫૦ | ૧૯૯૨ |
| સોયાબીન | ૧૪૦૦ | ૧૪૨૦ |
| મગ | ૧૫૫૦ | ૧૮૧૯ |
| ધાણા | ૨૪૩૫ | ૨૫૮૦ |
| ચણા | ૫૦૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૭૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૯૪ |
| તુવેર | ૮૫૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૨૫૪૦ | ૩૭૦૫ |
| ડુંગળી લાલ | ૮૫ | ૫૦૯ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૪૫૮ |
| નાળીયેર | ૨૯૦ | ૨૯૬૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૪૦૧ | ૨૬૭૪ |
| તલ કાળા | ૨૪૦૦ | ૨૯૦૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| બાજરો | ૪૦૧ | ૫૪૯ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૩૦ |
| જુવાર | ૪૫૧ | ૧૩૦૨ |
| મગ | ૧૦૧૫ | ૧૫૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૧૦૩૧ | ૧૦૫૦ |
| જીરૂ | ૩૩૧૨ | ૩૩૧૨ |
| સોયાબીન | ૧૩૬૦ | ૧૩૬૦ |
| શીંગદાણા | ૧૮૦૦ | ૧૯૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૬૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૧૪ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૬૧ |
| અડદ | ૧૫૦૧ | ૧૯૩૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૬૦૦ |
| મગફળી | ૮૦૧ | ૧૨૧૬ |
| શિંગદાણા | ૧૬૦૧ | ૨૧૦૦ |
| શિંગફાડા | ૧૫૦૧ | ૧૭૫૧ |
| તલ સફેદ | ૧૫૯૧ | ૨૬૩૧ |
| તલ કાળા | ૧૯૯૧ | ૩૨૫૧ |
| મેથી | ૧૨૦૧ | ૧૬૧૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૩૬૦૧ |
| ધાણા | ૨૦૦૧ | ૩૦૦૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૪૬૧ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૫૩૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૯ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૯૬ |
| અડદ | ૧૮૫૦ | ૨૧૩૨ |
| મગ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૬૨ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૨૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૦૦ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૪૬૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૧૮૦ | ૧૨૫૦ |
| બાજરો | ૪૦૦ | ૪૬૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૩ |
| મગ | ૧૧૩૫ | ૧૫૩૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૬૫ |
| તુવેર | ૫૦૦ | ૧૪૦૫ |
| ચોળી | ૬૦૦ | ૧૨૯૦ |
| વાલ | ૯૦૦ | ૯૮૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૮૫ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૪૬ |
| ચણા સફેદ | ૬૫૦ | ૧૨૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| તલી | ૧૭૧૦ | ૨૪૭૫ |
| તલ કાળા | ૧૬૦૦ | ૩૫૦૫ |
| લસણ | ૯૫૦ | ૨૧૮૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૭૦ |
| ધાણા-ધાણી | ૨૪૦૦ | ૩૦૮૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૬૩૦ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૨૦૨૦ |
| વટાણા | ૩૦૦ | ૩૯૫ |

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 22 જુલાઇ, 2026




06
લાગે તો તીર : -બકા..બકા..! તમારો આજ વાંધો છે

# ગેરી સોબર્સ, ટેસ્ટના જમાનામાં ૬ બોલમાં ૬ સિક્સર



ગેરી સોબર્સ ગુજરી ગયા.

વિશ્વ ક્રિકેટના ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડર મનાતા વેસ્ટ ઈન્ડિઝના મહાન ક્રિકેટર સર ગારફિલ્ડ સોબર્સ એટલે કે ગેરી સોબર્સનું ૮૯ વર્ષની વયે અવસાન થયું એ સાથે જ ક્રિકેટનો એક મહાન યુગ પૂરો થઈ ગયો. વિશ્વ ક્રિકેટમાં એક ઓવરમાં ૬ સિક્સર ફટકરનારા પહેલા ક્રિકેટર અને ટેસ્ટની એક ઈનિંગમાં ૩૬૫ રનનો વરસો સુધી અડીખમ રહેલો વર્લ્ડ રેકોર્ડ બનાવનારા ગેરી સોબર્સનું નામ યુવા પેઢીમાં બહુ જાણીતું નથી પણ ક્રિકેટના અઠંગ ચાહકો માટે ગેરી સોબર્સ સન્માનનિય નામ છે. વિશ્વ ક્રિકેટમાં ટેસ્ટમાં ૯૯ રનની અકલ્પનિય એવરેજ ધરાવનારા ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેનને ક્રિકેટ ઈતિહાસના મહાનતમ બેટ્સમેન તરીકે જ નહીં પણ મહાનતમ ખેલાડી તરીકે પણ સૌ સ્વીકારી ચૂક્યા છે. ગેરી સોબર્સ ડોન બ્રેડમેન પછીના બીજા નંબરના સૌથી મહાનતમ ક્રિકેટર મનાય છે.

ગેરી સોબર્સનો રેકોર્ડ ગજબનાક છે.

સોબર્સ માર્ચ, ૧૯૫૪માં જમૈકાના સબિના પાર્ક ગ્રાઉન્ડમાં પહેલી ટેસ્ટ રમ્યા ત્યારે તેમની ઉંમર માત્ર માત્ર ૧૭ વર્ષની હતી. ૨૦ વર્ષ પછી એપ્રિલ, ૧૯૭૪માં ત્રિનિદાદના પોર્ટ ઓફ સ્પેનમાં ક્વીન્સ પાર્ટ ઓવલ ગ્રાઉન્ડમાં ૩૭ વર્ષની ઉંમરે છેલ્લી ટેસ્ટ રમ્યા ત્યાં સુધીમાં સોબર્સ વિશ્વ ક્રિકેટ પર અમીટ છાપ છોડી ચૂક્યા હતા. યોગાનુયોગ સોબર્સ પહેલી અને છેલ્લી બંને ટેસ્ટ ઈંગ્લેન્ડ સામે જ રમ્યા. બીજો યોગાનુયોગ એ કે, પહેલી અને છેલ્લી બંને ટેસ્ટમાં સોબર્સનો દેખાવ બહુ સામાન્ય હતો. સોબર્સનો સમાવેશ બોલર તરીકે કરાયેલો પણ પહેલી ટેસ્ટમાં સોબર્સ ૧ જ વિકેટ ઝડપી શક્યા હતા. પહેલી ઈનિંગમાં ૧૪ અને બીજી ઈનિંગમાં ૨૬ મળીને સોબર્સે કુલ ૪૦ જ રન કરેલા. છેલ્લી ટેસ્ટમાં બંને ઈનિંગમાં મળીને સોબર્સે ૩ વિકેટ લીધેલી જ્યારે પહેલી ઈનિંગમાં ૦ અને બીજી ઈનિંગમાં ૨૦ મળીને ૨૦ જ રન કર્યા તેથી સોબર્સની આરંભ કે અંત બંને પ્રચંડ નહોતાં પણ વચ્ચેના ગાળામાં તેમણે પ્રચંડ દેખાવ કર્યો.

■■■

સોબર્સ સચિન અને વિરાટ કરતાં મહાન બેટ્સમેન સાબિત થયા.

સચિન તેંડુલકરે ૨૦૦ ટેસ્ટની ૩૨૯ ઈનિંગ્સમાં કુલ ૧૫,૯૨૧ રન બનાવ્યા. સચિને ટેસ્ટમાં ૫૧ સદી અને ૬૮ અડધી સદી ફટકારી છે જ્યારે તેની એવરેજ ૫૩.૭૮ રનની છે. મતલબ કે સચિને દર ૪ ટેસ્ટમાં એક સદી ફટકારી છે. વિરાટ કોહલીએ ૪૬.૮૫ની બેટિંગ સરેરાશ સાથે ૧૨૩ ટેસ્ટ મેચની ૨૧૦ ઈનિંગ્સમાં કુલ ૯,૨૩૦ રન બનાવ્યા, વિરાટે ૩૦ સદી અને ૩૧ અડધી સદી ફટકારી છે. મતલબ કે, વિરાટે પણ દર ૪ ટેસ્ટે એક સદી ફટકારી છે.

ગેરી સોબર્સે ૯૩ ટેસ્ટમાં ૮૦૩૨ રન બનાવ્યા અને તેમની એવરેજ ૫૭.૭૮ રનની હતી. સોબર્સે ૨૬ સદી અને ૩૦ અડધી સદી ફટકારી છે. મતલબ કે, સાડા ત્રણ ટેસ્ટમાં એક સદી ફટકારી છે. સોબર્સની ટેસ્ટ એવરેજ સચિન કરતાં ૪ રન જ્યારે વિરાટ કોહલી કરતાં ૧૧ રન વધારે છે. સચિન અને વિરાટ બંને ભારતના મહાન બેટ્સમેન છે ત્યારે તેમના કરતાં વધારે બેટિંગ એવરેજ ધરાવનાર બેટ્સમેનને મહાન ગણવા જ પડે.

સોબર્સને બીજા નંબરના મહાન ખેલાડી ગણવામાં આવે છે તેનું કારણ તેમની બોલિંગ ક્ષમતા છે. સોબર્સ . મીડીયમ ફાસ્ટ અને સ્પિન બંને રીતે બોલિંગ નાંખતા હતા. સોબર્સે ૯૩ ટેસ્ટમાં ૨૩૫ વિકેટ ઝડપીને પોતાની બોલિંગથી પણ વેસ્ટ ઈન્ડિઝને જીત અપાવી. ૧૯૮૦ના દાયકામાં વિશ્વ ક્રિકેટમાં ભારતના કપિલદેવ, ઈંગ્લેન્ડના ઈયાન બોથમ, પાકિસ્તાનના ઈમરાન ખાન અને ન્યુઝીલેન્ડના રિચાર્ડ હેડલી એ ચાર ઓલરાઉન્ડર્સની બોલબાલા હતી. આ પૈકી કોણ સૌથી મહાન ઓલરાઉન્ડર તેની ચર્ચા સતત ચાલતી પણ સોબર્સ તેમના કરતાં શ્રેષ્ઠ હતા એવું સૌએ સ્વીકારેલું કેમ કે કપિલ, ઈમરાન, બોથમ કે હેડલીમાંથી કોઈની પાસે સોબર્સ જેવો બેટિંગ પાવર નહોતો. સોબર્સે એકલા હાથે હરીફ ટીમના બોલિંગનાં છોતરાં ફાડી નાંખતા અને એકલા હાથે બોલિંગથી ટીમને જીતાડી શકતા. સોબર્સ ફિલ્ડિંગમાં પણ બીજાં બધાં કરતાં જોરદાર હતા. ૯૩ ટેસ્ટમાં ૧૦૯ કેચ સોબર્સની સુંદર ફિલ્ડિંગનો પુરાવો છે.



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

■■■

સોબર્સ બે સિધ્ધિઓ માટે હંમેશાં યાદ રહેશે.

યોગાનુયોગ સોબર્સની આ બંને સિધ્ધિઓ સાથે ભારતીય કનેક્શન છે. સોબર્સની પોતાની પહેલી ટેસ્ટ સદી ટ્રિપલ સેન્ચુરી હતી અને વિશ્વમાં પોતાની પહેલી ટેસ્ટ સદી ટ્રિપલ સેન્ચુરી હોય એવા સોબર્સ પહેલા ક્રિકેટર હતા. એ જ રીતે સોબર્સ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં એક જ ઓવરના સતત છ બોલ પર છ સિક્સર ફટકારનાર વિશ્વના પ્રથમ બેટ્સમેન હતા. સોબર્સના પહેલા રેકોર્ડની બરાબરી ભારતના કરૂણ નાયરે કરી જ્યારે બીજી સિધ્ધીની બરાબરી રવિ શાસ્ત્રીએ કરી હતી.

સોબર્સ ૧૯૫૪માં પહેલી ટેસ્ટ રમ્યા પણ પોતાની પહેલી સદી ફટકારતાં ૪ વર્ષ લાગ્યાં હતાં. સોબર્સે શરૂઆતનાં વરસોમાં ઘણી અડધી સદી ફટકારી પણ તેને મોટા સ્કોરમાં એ ફેરવી શકતા નહોતા તેથી બહુ ટીકા થતી હતી. સોબર્સે ૧૯૫૮માં પાકિસ્તાન સામેની કિંગસ્ટન ટેસ્ટમાં અણનમ ૩૬૫ રન ફટકારીને સૌની બોલતી બંધ કરી દીધી હતી. વરસો સુધી સોબર્સનો અણનમ ૩૬૫ રનનો સ્કોર ટેસ્ટ ક્રિકેટમાં સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર હતો. વેસ્ટ ઈન્ડિઝના બ્રાયન લારાએ ૩૭૫ રન ફટકારીને આ રેકોર્ડ તોડ્યો હતો.

સોબર્સની કારકિર્દીની આ પ્રથમ ટેસ્ટ સદી પણ હતી. સોબર્સ પછી ઓસ્ટ્રેલિયાના બોબ સિમ્પસને ૧૯૬૪માં અને કરુણ નાયરે ૨૦૧૬માં અણનમ ૩૦૩ રન ફટકારીને પહેલી સદી ત્રેવડી સદી હોય એ રેકોર્ડની બરાબરી કરી. બંનેએ ઈંગ્લેન્ડ સામે આ સિધ્ધિ મેળવી હતી.

સોબર્સે ૩૧ ઓગસ્ટ ૧૯૬૮ના રોજ સ્વાનસીના સેન્ટ હેલેન્સ મેદાન પર ગ્લેમોર્ગન સામે નોટિંગહામશાયરના કેપ્ટન તરીકે રમતાં માલકમ નાશની એક જ ઓવરમાં છ છગ્ગા ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. સોબર્સે પહેલા ચાર બોલને આસાનીથી મેદાનની બહાર મોકલી દીધા હતા પણ પાંચમા બોલે 'લોંગ-ઓફ' બાઉન્ડ્રી પાસે રોજર ડેવિસે કેચ પકડી લીધો હતો. કેચ પકડતી વખતે ડેવિસ નીચે પડ્યા અને પીઠ બાઉન્ડ્રી લાઈનના દોરડાને અડકી જતાં અમ્પાયર એડી ફિલિપસને 'સિક્સ' જાહેર કરી. સોબર્સે ઓવરના છઠ્ઠા બોલને ફરી બાઉન્ડ્રી બહાર મોકલીને સિક્સરની સિક્સર પૂરી કરી.

રસપ્રદ વાત એ છે કે, ટેસ્ટના જમાનામાં આવી તોફાની બેટિંગ કરનારા સોબર્સ પોતે રમેલી એક માત્ર વન-ડે મેચમાં ઝીરોમાં આઉટ થયા હતા.

સોબર્સની અંજુ મહેન્દ્રુ સાથેની લવ સ્ટોરી બહુ ગાજી હતી.

ભારતીય અભિનેત્રી અંજુ મહેન્દ્રુ અત્યારે ૮૦ વર્ષની છે પણ બહુ જાજરમાન લાગે છે. ગેરી સોબર્સ વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ ટીમ સાથે ૧૯૬૬-૬૭માં ભારત પ્રવાસે આવ્યા ત્યારે અંજુ મહેન્દ્રુના પ્રેમમાં પડ્યા હતા. અંજુ એ વખતે માત્ર ૨૦ વર્ષનાં હતાં અને એક્ટિંગ તથા મોડેલિંગમાં કરીયર બનાવવા સંઘર્ષ કરી રહ્યાં હતાં. મહાન સંગીતકાર મદન મોહનનાં ભાણેજ અંજુની મુલાકાત એક પાર્ટીમાં સોબર્સ સાથે થઈ અને પછી મુલાકાતો શરી થઈ. આ મુલાકાતો પ્રેમમાં પરિણમી. એ વખતે અંજુ સોબર્સની મેચ હોય એ શહેરમાં પહોંચી જતાં ને બંને સાથે જ રહેતાં. વેસ્ટ ઈન્ડિઝની મેચ કોલકાતામાં હતી ત્યારે અંજુ ત્યાં પહોંચી ગયેલાં ને કોલકાતાની એક પાર્ટીમાં સોબર્સે અંજુને પ્રપોઝ કરેલું. અંજુએ હા પાડી પછી બંનેએ સગાઈ કરી લીધી પણ અંજુના પરિવારને આ સંબંધ મંજૂર નહોતો તેથી બંનેનાં લગ્ન ના થઈ શક્યાં.

અંજુ એ પછી રાજેશ ખન્નાના પ્રેમમાં પડી હતી. સોબર્સથી અલગ થયા પછી અંજુ રાજેશ ખન્ના સાથે રહેવા લાગી. ૧૯૭૨ સુધી બંને પતિ-પત્નીની જેમ સાથે જ રહેતાં હતાં. રાજેશ ખન્નાએ અંજુને પ્રપોઝ કરીને લગ્ન કરવા કહેલું પણ અંજુએ ના પાડી દેતાં બંનેના સંબંધોમાં ખટાશ આવવાની શરૂઆત થઈ. છેવટે રાજેશ ખન્નાએ અંજુને છોડી દીધી અને માર્ચ ૧૯૭૩ માં ડિમ્પલ કાપડિયા સાથે લગ્ન કરી લીધાં.

સોબર્સ પણ અંજુને ભૂલીને સપ્ટેમ્બર ૧૯૬૯માં ઓસ્ટ્રેલિયન પ્રુડન્સ કિર્બી સાથે લગ્ન કરી લીધાં. આ લગ્નથી તેમને બે પુત્રો અને થયા જ્યારે એક દીકરીને દત્તક લીધી. ૧૫ વર્ષના લગ્નજીવનના અંતે ૧૯૮૪માં બંને અલગ થયાં એ પહેલાં સોબર્સ ૧૯૮૦માં ઓસ્ટ્રેલિયાના નાગરિક પણ બની ગયા હતા.

સોબર્સ નિવૃત્તિ પછી કોચિંગ વગેરેમાં સક્રિય હતા પણ છેલ્લાં કેટલાંક વરસોથી અલિપ્ત થઈ ગયા હતા. કદાચ બિમારી કારણભૂત હશે ને આ બિમારીના કારણે જ એ મહાન ક્રિકેટર છેવટે આપણી વચ્ચેથી કાયમ માટે વિદાય થઈ ગયા. ■

sanjogpurti@gmail.com


# મારા બગીચાનો ડોન બ્રહ્મ વૃક્ષ



તમારા બગીચામાં તમે ભલે કિંમતી ગુલાબ ઉગાડ્યા હોય, મોગરાની સુગંધથી વાતાવરણ મહેકાવ્યું હોય કે કુંડામાં સજાવેલા બોન્સાઈ સાથે 'આર્ટિસ્ટ' બનવાની કોશિશ કરી હોય, પણ જરા ઠંડી ઓસરી જાય અને ફાગણનો પવન ફૂંકાય, ત્યારે મારા બગીચામાં એક 'ડોન'નું આગમન થાય છે. આ ડોન બીજું કોઈ નહીં, પણ આપણો વાનપ્રસ્થ અને રંગીન મિજાજ ધરાવતો 'કેસુડો' છે!

કેસુડાને 'ડોન' કહેવાનું કારણ એ છે કે તેને કોઈના પાણીની જરૂર નથી, કોઈના ખાતરની અપેક્ષા નથી. તે આવે છે ત્યારે આખા બગીચા પર પોતાનું સામ્રાજ્ય જમાવી દે છે. જ્યારે બાકીના છોડ પર્ણ ખરતા જોઈને ડિપ્રેશનમાં જતા હોય, ત્યારે આ કેસુડો તો કેસરી વસ્ત્રો પહેરીને 'મૈ હૂં ના!' એવા ભાવ સાથે ટટ્ટાર ઊભો હોય છે. મેં તો વહાલથી એને 'ખાખરો' નામ આપ્યું છે, પણ એની તો અસલી ઓળખ 'પલાશ' છે. તમે જોયું હશે કે જ્યારે આ ભાઈને મૂડ આવે ત્યારે આખું વૃક્ષ કેસરી રંગથી ઝગમગી ઉઠે, જાણે કે કોઈ સેલિબ્રિટી રેડ કાર્પેટ પર ઉતરી હોય!

ભાષા-ભાષામાં કેસુડાની 'ડિગ્રીઓ' અલગ અલગ છે.આ ડોન આખી દુનિયામાં ફર્યો છે અને એટલે જ દરેક ભાષામાં તેને અલગ-અલગ પદવીઓ મળી છે. હિન્દીમાં તે 'પલાશ' તરીકે ઓળખાય છે. સંસ્કૃતમાં તો એને 'બ્રહ્મવૃક્ષ' કહે છે. અંગ્રેજોએ તેને **'Flame of the Froest'** (જંગલની જ્વાળા) નામ આપીને તેનામાં એક પ્રકારનો હોલીવુડનો 'એક્શન હીરો' વાળો ટશન ઉમેરી દીધો છે. વનસ્પતિશાસ્ત્રની ભાષામાં તેને **Butea monosperma** કહે છે, જે સાંભળીને એવું લાગે કે જાણે કોઈ સાયન્ટિફિક એવોર્ડ મળ્યો હોય! આઠથી દસ ધોરણમાં અમે મંગલ ભારતી લોકશાળામાં ભણતા, ત્યારે કેસુડાની વ્યવસ્થા શાળા તરફથી જ કરવામાં આવતી. હોળીની રાત્રે જ મોટા-મોટા તપેલા જેવા વાસણોમાં કેસુડો પલાળી દેવામાં આવતો. બીજે દિવસે હોળી-ધુળેટી રમવાની જે મજા હતી, તે અત્યારના કેમિકલયુક્ત રંગોમાં ક્યાં? હિન્દી ફિલ્મોમાં તો 'હોલી હે ભાઈ હોલી' કહેવાય, પણ અમારા માટે હોળી એટલે સાચી હોળી સળગાવવાનો દિવસ અને બીજા દિવસે રમવાની ધુળેટી.



**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

આખું વર્ષ આચાર્ય નેમુભાઈ આંબલિયા અને સુભાષ જેઠવા, મુકેશ દવે જેરામભાઈ, દામજીભાઈ, બોઘાભાઈ વગેરે શિક્ષકો અમને ઠપકા અને સૂચનાઓથી 'ધમરોળી' નાખતા, પણ ધુળેટીના દિવસે શિક્ષકો અને વિદ્યાર્થીઓ એક સમાન હોદ્દાના બની જતા. આ એક દિવસનો ફાયદો ઉઠાવીને અમે શિક્ષકોને પકડી-પકડીને રંગ છાંટતા. અમે શિક્ષકોને એવી રીતે પકડતા કે જાણે કોઈ ખતરનાક આરોપીને પોલીસ પકડતી હોય! રિમાન્ડ દરમિયાન પોલીસ આરોપીને ફટકારે, એમ અમે શિક્ષકોને રંગોથી ફટકારતા. રંગ છાંટતી વખતે પકડવા માટેના પ્રયત્નોમાં ક્યારેક નાના-નાના ઢીકા પણ મારી લેતા જેથી આખા વર્ષનો 'ગુરુ-બદલો' લઘુ સમયમાં લેવાઈ જાય! અને કમાલ તો જુઓ, એ શિક્ષકોને પણ મજા પડતી. તેઓ એવો પ્રતિભાવ આપતા કે અમને પણ એમ લાગે કે આજે તો જંગ જીતી લીધી! પછી બધા સાથે મળીને બાજુના દરિયામાં નાહવા જતા. દરિયામાં નાહતા નાહતા પણ અમે શિક્ષકોને ધમરોલી નાખતા અને ઢીકા-ઢીકી પણ મારી લેતા તો એમને મજા પડતી. એ દિવસ પછી શાળામાં જે 'શિસ્તનો સંન્નાટો' છવાઈ જતો, એ પણ એક અલગ જ લિજ્જત હતી!

કેસુડો માત્ર રમવા માટેનું સાધન નથી, એ તો આખા ઘરનો 'ફ્રી મેડિકલ સ્ટોર' છે. ઉનાળામાં બાળકોને ગરમીથી ફોડલીઓ થાય ત્યારે મમ્મી સમાજ કેસુડાના ફૂલ પલાળીને જે 'કેસરી કેમિકલ' બનાવે છે, એ સાક્ષાત્ અમૃત છે. જાણે કુદરતે બાળક માટે 'નેચરલ એન્ટિ-બેક્ટેરિયલ ડેટોલ' તૈયાર રાખ્યું હોય! એના ગુંદરની વાત તો ન પૂછો કમરના દુખાવા માટે કોઈ મોંઘી દવા કરતા ઓછું નથી. ટૂંકમાં, કમર પકડીને ચાલતા માણસને આ કેસુડાનો ગુંદર સીધો કરી નાખે એવી તાકાત ધરાવે છે.

ખરી મજા તો મારા બગીચાની 'ડોગ-સ્કવોડ' (મુમુ મેડમ અને ટુકુટુકૂ) સાથેના એના સંબંધમાં છે. આ લોકો આખા ઉનાળામાં આ વૃક્ષના થડ પાસે ખાડો ગાળીને જે આરામ કરે છે, એ જોઈને થાય કે એ લોકો વૃક્ષની સેવા કરે છે કે એના પાસેથી 'કૂલિંગ સર્વિસ' લે છે!? એ ખાડા બૂરવા માટે હું તેમાં રાખ ભેળવીને ખાતર બનાવું છું. એકદમ ઈકો-ફ્રેન્ડલી 'જુગાડ'!

કેસુડો સાહિત્યમાં પણ એટલો જ પ્રભાવશાળી છે. કવિ ઉમાશંકર જોશીએ પ્રકૃતિના જે આલેખન કર્યા છે, તેમાં કેસુડો એક જીવંત પાત્ર છે. સાહિત્યકારોએ તેને 'પ્રકૃતિના આંસુ' કહ્યા છે, પણ મને તો એ 'રંગબેરંગી હાસ્ય' લાગે છે. અમિતાભ બચ્ચનની 'સિલસિલા'નું 'રંગ બરસે' ગીત હોળીનું ઓલ-ટાઈમ હિટ ગીત છે. ભલે તેમાં ગુલાલ દેખાય, પણ એની પાછળની મૂળ પ્રેરણા તો કેસુડો જ છે. જૂની ફિલ્મોમાં પ્રેમી-પ્રેમિકાના મિલન કે વિરહમાં કેસુડાનું ઝાડ હંમેશા સાક્ષી બનીને ઊભું હોય છે. એ રોમાન્સનો બ્રાન્ડ એમ્બેસેડર છે!

મારા બગીચાનો આ ડોન પોતાની મરજીનો માલિક છે. કોઈની શિફારિશ નથી કરતો. તે નિર્ણય લે છે અને આખા બગીચાને કેસરી કરી દે છે. તમારી પાસે જગ્યા હોય તો એક કેસુડો જરૂર રોપજો. તેની હાજરીથી તમારો આખો બગીચો રાજાશાહી ઠાઠ અનુભવશે. તેને પાણી આપવાની ઝંઝટ ન રાખતા, બસ તમારા દિલમાં થોડી જગ્યા આપજો, તે પોતે જ પોતાનું સામ્રાજ્ય જમાવી લેશે!

naranbaraiya277@gmail.com

# કેળવણી એટલે શું?



કેળવણી એટલે વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ.બોધાત્મક,ભાવનાત્મક જોડાણ. સમાજ સાથેનું તાદાત્મ્ય. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના સદવિચારોનું આદાનપ્રદાન. કેળવણીનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે સમાજ, રાષ્ટ્રની નૈતિક, આધ્યાત્મિક અને રાષ્ટ્રીય બાબતોનો સર્વાંગી વિકાસ કરવાનો છે. માત્ર શિક્ષણ મેળવવું અને સારા પર્સન્ટાઈલ રેન્ક કે ટકા લાવી દેવાથી કેળવણીનો વ્યાપ્ત થતો નથી. કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે કહ્યું છે કે શિક્ષણનું મુખ્ય કાર્ય બાળકોને શિક્ષકની સાથે સાથે સંસ્કાર, સમજણ અને રાષ્ટ્રભાવના નિર્માણ કરવાની છે.

કેળવણીની કેટલીક વિભાવનાઓ પ્રાચીન ગ્રંથો અને મહાપુરુષો દ્વારા લખવામાં આવી છે જેમ કે ' नास्ति विद्यासमं चक्षु :' "ह्लह्म ,धरव्ह्ल ळह्महृश्व थद्गह्यरव्ह्ल चह्वखह्म चरह्मद्ग"धह्वह्मतह्मद्दए" सा विद्या या विमुक्तये' મુક્તિ અપાવે તે વિદ્યા'ઉપનિષદ'માનવીની સંપૂર્ણ વ્યકિતમત્તાનું સંપૂર્ણ પ્રગટીકરણ એટલે શિક્ષણ'સ્વામી વિવેકાનંદ' કેળવણી એટલે માણસમાંનાં મન, શરીર, અને આત્મામાં રહેલાં ઉત્તમ અંશો બહાર લાવી સંસ્કારવા

-ગાંધીજી



**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આજે કેળવાયેલા કરતા બિન કેળવાયેલા માણસોનો મોટો જથ્થો છે. કેળવણી મંડળોમાં જે ભ્રષ્ટાચાર અને દુરાચાર જેવા પ્રપંચો અને પાખંડો થાય છે તેને કેળવણી કહેવામાં આવશે? બાળકોને કેળવવાના છે, તેમને યોગ્ય દિશા તરફ લઈ જવાના છે. તેમનામાં નૈતિક મૂલ્યો કેળવવાના છે. આજે તો શાળા કોલેજમાં ટકા લાવવાની હોડ ઊભી થઈ છે.વિદ્યાર્થીનું ટકાવારી થી મૂલ્યાંકન કરવાની જે પ્રથા છે તેનાથી અનેક દૂષણ નિર્માણ પામે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સ્કિલબેઝ શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ઘણી વખત બાળકને ગણિત ન આવડે પરંતુ તે ભાષાવિદ્ બની શકે. અક્ષરજ્ઞાન કદાચ ન પણ હોય પરંતુ તેની કોઠાસૂઝને કારણે સારી મશીનરી કે અન્ય યાંત્રિક સાધનો બનાવી પણ શકે અને રીપેરીંગ પણ કરી શકે. આ કેળવણી છે. આજની કેળવણી માત્ર વાઈટ કોલર જોબ માટે હોય તેવી પ્રતીતિ થાય છે. કેળવણીનું મુખ્ય કાર્ય સમાજની જે વ્યવસ્થા છે તેને સારી રીતે વ્યાપક બનાવી જોઈએ.

ફક્ત માણસનો બૌધ્ધિક વિકાસ થાય તો ચાલશે?માણસનો સામાજિક, સંસ્કૃતિ, રાજકીય,અધ્યાત્મિક અને રાષ્ટ્રીયતાની ભાવનાનો સર્વાંગી વિકાસ થવો જોઈએ. આજે તો વધુ બુધ્ધિશાળી માણસો વધુ કરપ્શન કરે છે અને રિક્ષાવાળાને મુસાફરની બેગ મળી હોય તો ઘરે પરત આપી આવે છે.આમાં કોણ કેળવાયેલું લાગે છે?

માણસની બુધ્ધિમતા સાથે તેનામાં સંસ્કારોનું સિંચન થવું એટલું જ જરૂરી છે. જો વ્યક્તિનું બૌધ્ધિક સ્તર ઊંચું હશે અને તેનામાં નીતિમત્તા નહીં હોય તો શું તંદુરસ્ત સમાજનું સર્જન થઈ શકશે? પેઢી દર પેઢી મનુષ્યનો બુધ્ધિ આંક બદલાતો હોય છે, એક પેઢી કરતા આગળની પેઢી બે કદમ આગળ હોય છે. જેને આપણે વિકસાત્મક અભિવ્યક્તિ ગણીશું, પરંતુ સાથે સાથે જૂની પ્રણાલી, જૂની બાબતો, પ્રક્રિયાઓ જો સાથે લઈને ચાલીશું તો એક ખૂબ સુંદર સમાજનું નિર્માણ થશે, માટે આજની આ પેઢીને ફક્ત પોપટયુ જ્ઞાનના આપતા, તેને રોબોટ ના બનાવતા સંસ્કારોનું સિંચન કરી યોગ્ય પથ બતાવી એક માનવીનું સર્જન કરીએ.

આજની પેઢી બદલાઈ રહી છે, લઘુતાગ્રંથિ અને ગુરુતા ગ્રંથિથી પીડાતી તેમજ હંમેશા જીતની અભિલાષા સેવતી અને પોતાનામય બની રહી છે. આપણામાં એક કહેવત છે "કુમળો છોડ વાડીએ તેમ વળે" તો આ છોડને ફક્ત અને ફક્ત સગવડ પૂરી ના પાડતા તેમનામાં કોન્ફિડન્સ તેમજ લાગણીઓ અને અને સમાજ ઉપયોગી એક કલ્યાણકૃત વ્યક્તિ બનાવવાની દિશામાં પ્રેરાઈએ.

કેળવણી મુખ્ય કાર્ય સમાજની સામાજિક સમરસતા અને એકતા નિર્માણ કરવાનું છે. મોટી મોટી ઈન્સ્ટિટયૂટ બનાવી દેવાથી સમાજનો સર્વાંગી વિકાસ થશે નહીં. ફંડામેન્ટલ બેઝથી કેળવણીનો પાયો મજબૂત કરવો પડશે. બાળકોને બધા જ વિષયોમાં રસ, રુચિ અને આવડત કેળવાય તેવું ભવાવરણ અને વાતાવરણ વર્ગખંડમાં કેળવણી દ્વારા નિર્માણ કરવું પડશે. આચરણ થકી અનુસરણ કરાવવા માટે શાળાના શિક્ષક મિત્રોએ સૌપ્રથમ પોતાનાથી શરૂઆત કરવી પડશે. માત્ર ભણાવવા ખાતર શિક્ષણ નથી, વિદ્યાર્થીઓની અંદર પડેલી સુષુપ્ત શક્તિઓનો આવિર્ભાવ કરવાનો છે. બુનિયાદી શિક્ષણ થકી મૂલ્ય શિક્ષણનો પાયો મજબૂત થશે ત્યારે કેળવણીનો વ્યાપ વધશે. રાજ્યના સારસ્વત મિત્રો બાળકો આપણા અન્નદાતા છે. તેમને વિષય વસ્તુની સાથે સાથે તેમની ક્ષમતાઓને કેન્દ્રસ્થાને રાખી યોગ્ય દિશા દર્શન કરાવવા પ્રયાસ કરીશું તો આવનાર ભવિષ્ય ઉજવળ બનશે.. વિદ્યાર્થી દેવો ભવઃ ■

Mo.9825702282

# માઇગ્રેન અને મનની લાગણીઓ સાથે હોમિયોપેથીનો અભિગમ




'હોમિયોપેથી માત્ર રોગની નહીં, પરંતુ સમગ્ર વ્યક્તિની સારવાર કરતી વિજ્ઞાન આધારિત ચિકિત્સા પધ્ધતિ છે. માઈગ્રેન માત્ર સામાન્ય માથાનો દુખાવો નથી. તે ઘણી વખત વ્યક્તિની માનસિક, ભાવનાત્મક અને શારીરિક સ્થિતિ સાથે ગાઢ રીતે જોડાયેલો હોય છે. કેટલાક દર્દીઓમાં વર્ષો સુધી દબાયેલી લાગણીઓ, સતત માનસિક તણાવ અને જીવનની મુશ્કેલ પરિસ્થિતિઓ માઈગ્રેનને પ્રેરિત કરી શકે છે.

હોમિયોપેથીમાં દર્દીના માત્ર માથાના દુખાવાની સારવાર કરવામાં આવતી નથી, પરંતુ તેની લાગણીઓ, સ્વભાવ, જીવનશૈલી અને સમગ્ર વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરીને વ્યક્તિગત દવાની પસંદગી કરવામાં આવે છે. તેથી એક જ પ્રકારના માઈગ્રેન ધરાવતા બે દર્દીઓને પણ અલગ-અલગ દવા આપવામાં આવી શકે છે.

**હોમિયોપેથીક**
ડો. જિતેન્દ્ર પટેલ
સહ લેખિકા : ડો. નંદિની

માઈગ્રેનને પ્રેરિત કરતા કેટલાક સામાન્ય પરિબળોઃ

- પારિવારિક અથવા દાંપત્ય જીવનમાં મતભેદ અને સામાજિક સંબંધોમાં તણાવ.
- ઊંડો શોક, અપમાન, વિશ્વાસઘાત અથવા અન્ય ભાવનાત્મક આઘાત.
- મનની લાગણીઓ, ગુસ્સો અથવા દુઃખ સતત દબાવી રાખવાની વૃત્તિ.
- સતત ચિંતા, કામનું વધુ દબાણ, જવાબદારીઓનો બોજ અને માનસિક થાક.

હોમિયોપેથીમાં ઉપયોગમાં લેવાતી કેટલીક મહત્વપૂર્ણ દવાઓ

**Ignatia Amara:** અચાનક લાગેલા આઘાત, ઊંડા શોક, પ્રેમમાં નિષ્ફળતા અથવા દબાયેલી લાગણીઓ પછી થતો માઈગ્રેન.

**Natrum Muriaticum:** જૂના દુઃખને મનમાં રાખનાર, વિશ્વાસઘાત અથવા ભાવનાત્મક ઘા ભૂલી ન શકનાર વ્યક્તિઓમાં થતો માઈગ્રેન.

**Staphysagria:** અપમાન, અન્યાય અથવા દબાવેલા ગુસ્સા પછી શરૂ થતો માઈગ્રેન.

**Nux Vomica:** વધુ પડતો કામનો બોજ, ઊંઘનો અભાવ, ઓફિસનો તણાવ અને ચિડચિડાપણું ધરાવતા લોકોમાં થતો માઈગ્રેન.

**Kali Phosphroicum:** લાંબા સમય સુધી માનસિક મહેનત, નર્વસ થાક અને કામના દબાણ પછી થતો માથાનો દુખાવો.

**Sepia:** ખાસ કરીને મહિલાઓમાં હોર્મોનલ ફેરફાર, પારિવારિક જવાબદારીઓના બોજ અને દબાયેલી લાગણીઓ સાથે જોવા મળતો માઈગ્રેન.

મહત્વપૂર્ણ સૂચનાઃ ઉપર દર્શાવેલ હોમિયોપેથીક દવાઓની પસંદગી દરેક દર્દીના વ્યક્તિગત લક્ષણો અને પ્રકૃતિ અનુસાર કરવામાં આવે છે. તેથી આ દવાઓનો ઉપયોગ હંમેશા લાયકાત પ્રાપ્ત અને અનુભવી હોમિયોપેથીક તબીબના માર્ગદર્શન તથા નિરીક્ષણ હેઠળ જ કરવો.

# બકા..બકા..! તમારો આજ વાંધો છે

"બકા..બકા..! તમારો આજ વાંધો છે. ઓલી કહેવત નથી..'ઘરણ ટાણે હાપ નીકળે.' એમ તમારું કામ હોય ત્યારે જ તમારાં ઠેકાણાં નો હોય. અમથા વારે વારે કહો છો કે, અમારાં જેવું, અમારાં ઘર જેવું,અને અમારું ઘર હલાવે એવું ઠેકાણું હોય તો કે'જો.

અને કહેવાની ઘડી આવી તો કોઈ શોધ્યો'ય ના જડ્યો."

બેરાલાલ ધાર કાઢીને બકાને ઉપાડી રહ્યાં હતાં.

બકો કાંઈ ચોખવટના ચોખા ચોડે ઈ પહેલાં બેરાલાલ ધાણી ફૂટે એમ ફૂટી રહ્યાં હતાં.

"લખમી ચાંદલો કરવાં આવે ને ! તો એ કાંઈ તમારી રાહ જોઈને ઊભી ના રહે. તમે નહીં તો તમારો ભાઈ. એ ચાંદલો કરીને જ જાય. અને તમારે હંધાયને એક હારે જ શું કામ આવી ચડ્યું કે હંધાય ગાયબ થઈ ગયાં!? અને કોઈને કાંઈ ખબર ખત વગરના વયા ગયાં. તમારી હાત પેઢીનું દાળદર ફીટેને એવું ઠેકાણું હતું.

તમારી ઘરે હારા હારાની લાઈનુ લાગેને એવું નાતરુ હતું. પણ હવે પારાવાર પસ્તાવો કરો. માથે ઓઢીને રોવો. "

"બેરાલાલ! અમેય અમારી લાઈનમાં હોઈએ કે નહીં !? તમારી જેવાં કોઈક વાત હલાવે એટલે અમારે તો આંખ મીંચીને એની વાંહે વાંહે જ હાલવાનું હોય ને!! આગે આગે ગોરખ જાગે. પણ ગોરખ સુધી પહોંચવું તો પડે જ .

પણ તમે બોવ બોવ વખાણ કરો છો તો કહો તો ખરાં કે એ ઠેકાણું ક્યાં હતું? અને કેવું'ક હતું??

એવું હોય તો આપણે હજીય તમ તમારે તૈયાર જ છીએ હોં!! લાખના બાર હજાર કરીશું તમ તમારે. અને એટલે જ બાપાએ વીસ વેચીને ત્રીસ રાખી છે.

તમ તમારે હજીય ઘોડો પછાડી દેવો છે!??"

"બકા..! ઈ તો હવે 'રાઈના ભાવ રાતે ગયાં.' ગઈ તિથિ તો હવે ભામણે'ય (બ્રાહ્મણ)વાંચતો નથી."

"છતાંય કહો તો ખરાં કે, એ ઠેકાણું કોણ હતું?"

"સ્પેનની ૩૮ વર્ષની મોડેલ "બોની લોકેડ" કોઈ છોકરો ના મળ્યો એટલે એકલી એકલી અરીસાને પરણી ગઈ. હવે તમે એકાદ હોત તો ઘર બંધાય જાત ને!!"

**લાગે તો તીર..**
કાળુભાઇ ભાડ

બેરાલાલ અને બકાની ધાર કાઢીને આ લમણાંજીક હાલી રહી હતી.

બેરાલાલને પસ્તાવાનો પાર નહોતો. પણ કરે શું? વરરાજા વગરની જાન કોની જોડવી? અને ન્યા તો ઘડિયા લગન હતાં. 'ઝટ મંગની પટ બ્યાહ.'

બનેવીલાલ ક્યારનાં હાંભળી રહ્યાં હતાં.

"બેરાલાલ! તમે હાંભળો તો ખરાં કે, બકો અને હંધાય હાઢુભાઈ ગયાં તા ક્યાં? ક્યાંક ઈ ય નાતરાંમાં નો અટવાણા હોય. એવું'ય બની હકે ને!!"

"બનેવીલાલ! તો તો એવડી મોટી વાત દાબી રહે ખરી!? આવી વાતું તો પંખીની પાંખે ચડી જાય. છાપું તો હવારે આવતાં આવે. આ તો રાતોરાત વાયરલ થઈ જાય.

થાવાનું હોય તો તૂટી'ય જાય. અને નો થાવાનું હોય તો થઈ પણ જાય."

"પણ એને બોલવાં તો દયો કે એ ગયાં તાં ક્યાં? બોલ બકા બોલ!! તમે હંધાય ક્યાં હલવાણાં તાં!?"

હવે બકાને ચોખવટ કર્યા વગર છૂટકો જ નહોતો.

"બનેવીલાલ, બેરાલાલ ! અમે હંધાય હાઢુભાઈ ૪૨ જણાં સાથે મળીને મધ્ય પ્રદેશનાં દેવાસ ગામે ગયાં હતાં."

"ન્યા હું છોકરીઓ જોવા ગ્યા તા !? કોણ દલાલ હતો? અને હું કરીને આવ્યાં?"

બેરાલાલની ધડકનો વધી ગઈ.

"છોકરીઓ જોવા નહીં. લગન કરવાં. છોકરીઓ તો મોબાઈલમાં જોઈ લીધી 'તી. "



"તો પછી..હારા કપડાં -બપડાં,પીઠી -બીઠી અને જાનૈયાને નો કીધું?"

"કપડાં અને પીઠી ન્યા કરવાનાં હતાં. જાનૈયા લાવવાની મનાઈ હતી. સમૂહ લગ્ન હતાં ને એટલે."

"તો.. પછી..! કેટલો ચાંદલો મતલબ કેટલામાં ભંગાણા? "

"તમને કોણે કહ્યું કે અમે ભંગાણા છીએ?"

"તમારાં હંધાયના દરહણ જોઈને લાગે છે કે, કોઈ તો ગંભીર વાત છે. હવે શું થયું ઈ માંડીને વાત કરશો?"

"અમારી પાંહે એક છાપાની જાહેરાત આવી. લખ્યું હતું કે, 'સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છુક મુરતિયાને રૂપિયા પચ્ચીસ હજાર રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. કન્યાઓ ઈન્દોરના માતૃછાયા અનાથ આશ્રમમાંથી આવશે.'

સમૂહ લગ્ન એકદમ સાદાઈથી કરવામાં આવશે. જાનૈયા લાવવાનાં નથી. કપડાં અને પીઠીની રસમ અહીં એકસાથે કરવામાં આવશે.

લિમિટેડ કન્યાઓ હોવાથી વહેલાં તે પહેલાંનાં ધોરણે રજીસ્ટ્રેશન કરાવી લેવું."

"એટલે આ વાંચીને તમારાં હંધાયના મોઢાંમાં પાણીનાં ફુવારા છૂટવા લાગ્યાં. અને હંધાય હાઢુભાઈ હારે ઉપડ્યા પરણવા. પણ, પછી શું થયું? તમે જેને પરણીને લાવ્યાં ઈ વહુંઓ ક્યાં છે? અમારે એમને આશિર્વાદ આપવા છે."

"શું તમેય તે બેરાલાલ! ભાંગેલાને વધારે ભાંગો છો. ઓછાં નામે કારમાં ઘા ઉપર મીઠું તો ના ભભરાવો."

"એટલે? તમારાં લગન -બગન નથી થયાં એમ??"

"હા..આ..! ૨૪ મે ૨૦૨૬ ના રોજ અમે ત્યાં પહોંચી તો ગયાં. પણ શંકાના વાદળો ઘેરાઈ રહ્યા હતાં. હમણાં કન્યાઓ આવશે, હમણાં કન્યાઓ આવશે. એવું હાંભળી હાંભળીને સાંજ પડી. અંધારું આવવાની તૈયારી. પણ, કન્યાઓ ના આવી."

"પછી શું થયું? "

"હવે અમારી પાંહે એક જ રસ્તો હતો. પોલીસ સ્ટેશનનો.

પોલીસ આવી ખરી પણ, ખાતર ઉપર દીવો કર્યો ત્યારે એમણે આરોપી મુકેશ અને એમની પત્નીની ધરપકડ કરી ત્યારે અમને હમજાયુ કે, અમારી હારે સોશિયલ ગેમ રમાણી છે. અને અમે હંધાય પચ્ચીસ પચ્ચીસ હજારનો ચાંદલો કરીને વીલે મોંઢે પાછાં ફર્યા." ■

kalubhaibhad123@gmail.com

# વાનગી વૈવિધ્ય



(૧) - રાજસ્થાની પરાઠા

- સામગ્રીઃ (૧) આખા મગ અર્ધો કપ (૨) લીલા કાંદા પાન સહિત (ધોઈને સમારેલાં) અર્ધો કપ (૩) લીલા મરચાં ૨ (૪) હિંગ પા ચમચી (૫) હળદર પાવડર પા ચમચી (૬) ગરમ મસાલો પા ચમચી (૭) લાલ મરચું પાવડર ૧ ચમચી (૮) જીરું અડધી ચમચી (૯) આદુ-લસણ પેસ્ટ ૧ ચમચી (૧૦) ઘઉંનો લોટ ૧ કપ (૧૧) તેલ પરાઠા શેકવા માટે

- રીતઃ (૧) મગને મિક્સીમાં કરકરા પીસી લો. (૨) મગના આ પાવડરને ૨-૩ પાણીથી ધોઈ લો, જેથી તેમાંના ફોતરા પાણી સાથે નીકળી જાય. (૩) હવે દળેલા મગનો પાઉડર ડૂબે તેટલું પાણી તેમાં રાખો. પલાળેલા મગનો પાવડર અડધો કલાક રહેવા દો. ત્યારબાદ જોશો તો પલાળેલા મગનો લોટ ફૂલી ગયો હશે. (૪) પલાળેલા મગના લોટમાં સમારેલા લીલા કાંદા, લીલા મરચાં, હિંગ, ગરમ મસાલો, હળદર, મરચું પાવડર, જીરુ અને આદુ-લસણની પેસ્ટ ભેળવીને સારી રીતે મિક્સ કરી લો. (૫) પછી તેમાં ઘઉંનો લોટ ઉમેરી પાણી ઉમેર્યા વગર કણક બાંધી લો અને ૧૫ મિનિટ ઢાંકીને રહેવા દો. ૧૫ મિનિટ બાદ તેમાં અર્ધી ચમચી તેલ ચોપડીને થોડો ફેણી લો. (૬) આ લોટમાંથી લૂવો લઈ પરોઠા વણી લો. ગેસની મધ્યમ આંચ પર તવો ગરમ કરવા મૂકો. ગરમ થાય એટલે અર્ધી ચમચી તેલ રેડી તેના પર પરોઠું શેકવા મૂકો. એકાદ મિનિટ શેકાયા બાદ પરોઠું ઉથલાવો અને ફરીથી અડધી ચમચી તેલ ફરતે રેડો. તેલનું પ્રમાણ ઓછું લઈ શકાય. (૭) ગરમાગરમ પરોઠા દહીં, ટોમેટો કેચ-અપ કે ખજૂર-આમલીની ગળી ચટણી સાથે સ્વાદિષ્ટ લાગશે.

(૨) - વેજીટેબલ પરોઠા

- સામગ્રીઃ (૧) ઘઉંનો લોટ ૨ કપ (૨) મિક્સ શાકભાજી (બટાકો-૧, ગાજર-૧, સમારેલું ફ્લાવર અર્ધો કપ, ફણસી ૮-૧૦ નંગ, લીલા વટાણા પાકપ, પાલક કે મેથીની ભાજી દોઢ કપ) (૩) કોથમીર અર્ધો કપ (૪) આદુ-મરચાં પેસ્ટ ૨-૩ ચમચી (૫) લાલ મરચું પાવડર ૧ નાની ચમચી (૬) ધાણાજીરૂ પાવડર ૧ ચમચી (૭) ગરમ મસાલો ૧ નાની ચમચી (૮) હિંગ પા ચમચી (૯) પરાઠા શેકવા ઘી કે તેલ.

- રીતઃ (૧) ગાજર, ફ્લાવર, ફણસી બધાં મિક્સ શાકભાજીને નાના ટુકડામાં સમારી લો. (૨) આ શાક અને લીલા વટાણાને એક તપેલીમાં પાણી ઉકળવા મૂકી, તેના ઉપર ચાળણીમાં આ શાક મૂકી ઢાંકીને વરાળમાં બાફી લો. સ્ટીમર હોય તો તેમાં બાફી લો. (૩) પાલકને સારી રીતે ધોઈ, પાનમાંથી પાણી નિતારી લઈ ઝીણી સમારી લો. કોથમીર પણ ધોઈને સમારી લો. (૪) શાક બરાબર બફાઈ જાય એટલે તેને ગરમાગરમ જ બાઉલમાં લઈ અધકચરા મેશ કરી લો. (૫) ત્યારબાદ તેમાં સમારેલી પાલક તેમજ કોથમીર ઉમેરો. પછી તેમાં બધાં સૂકા મસાલા, આદુ-મરચાંની પેસ્ટ, સ્વાદ મુજબ મીઠું, હિંગ અને લોટ ભેળવો. (૬) પાણી ઉમેર્યા વગર લોટ બાંધી દો. (૭) લોટ બંધાઈ જાય એટલે તેમાંથી લૂવો લઈ હળવે હળવે ગોળ પરોઠા વણીને તરત જ ગેસની મધ્યમ આંચે પરોઠા શેકી લો.(૮) ગરમાગરમ પરોઠા દહીં અને લીલી ચટણી કે ટોમેટો કેચ-અપ સાથે પીરસો.

**વૈવિધ્ય**
તરુલતા પંચાલ

(૩) પાલક-ગાર્લિક-ચીઝ પરોઠા

- સામગ્રીઃ (૧) ઘઉંનો લોટ ૨ કપ (૨) પાલકના પાન ધોયેલા ૨ કપ (૩) અજમો ૧ નાની ચમચી (૪) લીલા મરચાં ૨ નંગ (૫) આદુનો નાનો ટુકડો (૬) પૂરણ માટેઃ લીલા મરચાં ૨-૩, સિમલા મરચું ઝીણું સમારેલું અર્ધો કપ, લીલું લસણ ધોઈને ઝીણું સમારેલું અર્ધો કપ, કોથમીર ધોઈને ઝીણી સમારેલી અર્ધો કપ, પિઝા સિઝનિંગ ૨ ચમચી, ચિલી ફ્લેક્સ ૧ નાની ચમચી, કાળાં મરી પાવડર પા ચમચી, ચાટ મસાલો પા ચમચી, પિઝા ચીઝ કે મોઝરેલા ચીઝ ૧ કપ (૭) ઘી પરોઠા શેકવા માટે (૮) પનીર ખમણેલું અર્ધો કપ

- રીતઃ (૧) એક બાઉલમાં ૩-૪ કપ પાણી ઉકળવા મૂકો. (૨) પાલકના પાનને ૨-૩ પાણીથી ધોઈ આ ઉકળતાં પાણીમાં ૨-૩ મિનિટ માટે ઉકાળી તરત પાણીમાંથી કાઢી બીજા બાઉલમાં મૂકી દેવા. (૩) ફ્રીજનું ઠંડું પાણી આ પાન પર રેડી તેને ઠંડા કરી લઈ, પાણી નિતારીને મિક્સીમાં નાખી સાથે ૨ લીલાં મરચાં તથા આદુનો ટુકડો સમારીને, ઉમેરીને પીસી લેવા. (૪) એક મોટા બાઉલમાં પાલકની પ્યુરી ઉમેરો. તેમાં ઘઉંનો લોટ, અજમો અને સ્વાદ મુજબ અંદાજે પા ચમચી મીઠું ઉમેરો. (૫) લોટને પાણી નાખ્યા વિના બાંધો. જો જરૂર લાગે તો મિક્સીમાં થોડું પાણી લઈ લોટ માટે જરૂરી તેટલું ઉમેરી લોટ બાંધી દો. લોટને ઢાંકીને ૧૦ મિનિટ માટે રાખી મૂકો. (૬) એક વાસણમાં લીલાં મરચાં ઝીણાં સમારી લો. તેમાં ઝીણાં સમારેલાં સિમલાં મરચું, લીલું લસણ, કોથમીર લો. તેમાં ચીઝ, કાળાં મરી પાવડર, પિઝા સિઝનિંગ, ચિલી ફ્લેક્સ, ચાટ મસાલો અને ખમણેલું પનીર ઉમેરો. મોઝરેલા ચીઝ ઉમેરી દો. જો તે ન હોય તો ચીઝ ક્યૂબને ખમણીને ઉમેરી દો. સ્વાદ મુજબ મીઠું ઉમેરી દો. એક ચમચી વડે આ મિશ્રણ મિક્સ કરો. (૭) લોટમાંથી મોટો લૂવો લઈ ગોળ વણી લો. હવે તેમાં પૂરણમાંથી ૨-૩ ટે.સ્પૂન પૂરણ વચ્ચે મૂકીને પરોઠાની બે સામસામી બાજુએથી વાળીને ચોરસ આકાર આપીને કિનારીઓ સરખી દાબીને બંધ કરો. (૮) હવે સ્ટફિંગ ભરેલો લૂવો વેલણથી હળવે હળવે સીધી બાજુએથી થોડો થોડો વણી લો. જેથી તેનો ચોરસ આકાર જળવાઈ રહે. (૯) ગેસ પર નોનસ્ટિક કે લોખંડનો તવો મૂકો. તવો ગરમ થાય એટલે ગેસની આંચ ધીમી કરી વણેલું પરોઠું હળવેથી તવા પર મૂકી એકબાજુ ૧ મિનિટ શેકાય એટલે ઉથલાવી બીજી બાજુએ થોડું વધારે શેકી લો. ત્યારબાદ ઘી રેડી ફરી ઉથલાવીને શેકી લો. (૧૦) પરોઠું બંને બાજુએ ગોલ્ડન રંગનું શેકી લો. (૧૧) આ રીતે બધા પરોઠા તૈયાર કરી ટોમેટો કેચ-અપ સાથે ગરમાગરમ પીરસો.

(૪) ભાજીપાઉં પરોઠા

- સામગ્રીઃ (૧) સિમલા મરચું ૧ (૨) ફ્લાવર ૨૦૦ ગ્રામ (૩) વટાણા ૨૦૦ ગ્રામ (૪) બાફેલા બટાકા ૪-૫ નંગ (૫) હળદર પાઉડર નાની ચમચી (૬) મીઠું સ્વાદ મુજબ (૭) લીલા મરચાં ૨-૩ નંગ (૮) ડુંગળી ૧ નંગ (૯) માખણ ૧ ચમચી (૧૦) ભાજીપાઉંનો મસાલો ૨ ચમચી (૧૧) ચાટ મસાલો ૧ નાની ચમચી કે લીંબુનો રસ (૧૨) ઘઉંનો લોટ ૨ કપ (૧૩) ધોઈને બારીક સમારેલી કોથમીર ૧ કપ (૧૪) સોસ બનાવવા માટેઃ માખણ ૩ ચમચી, લીલું લસણ પાંદડી સહિત કે સૂકું લસણ ૨ ચમચી, ચિલી ફ્લેક્સ ૧ ચમચી


- રીતઃ (૧) એક બાઉલમાં એક ગ્લાસ પાણીમાં અર્ધી ચમચી હળદર અને સ્વાદ મુજબ મીઠું મેળવી લો. (૨) ફ્લાવરને છૂટું કરી વટાણા સાથે આ પાણીમાં મેળવી ૧૦ મિનિટ માટે રહેવા દો. (૩) ત્યારબાદ પાણી નિતારીને તેને બાફી લો. પ્રેશર કૂકરમાં ૨ સીટીમાં બફાઈ જશે, પછી તેને મેશ કરી લો. (૪) એક ફ્રાઈ પેનમાં ૧ ચમચી માખણ ગરમ કરી તેમાં ડુંગળી અને સિમલા મરચું ઝીણાં સમારીને સાંતળી લો. પછી મેશ કરેલાં શાકભાજી તેમાં ઉમેરીને સાંતળી લો. જેથી તેમાંનું પાણી સૂકાઈ જાય. (૫) ત્યારબાદ બાફેલા બટાકાને ખમણીને કે બારીક છૂંદો કરીને કોથમીર સાથે તેમાં ઉમેરી દો. (૬) પછી પાઉંભાજી મસાલો ૧ ચમચી, ચાટ મસાલો કે લીંબુનો રસ તથા મીઠું સ્વાદ મુજબ ઉમેરો. કેમ કે, શાકભાજીમાં મીઠું મેળવ્યું હતું. આ મિશ્રણ સરખું સાંતળીને ગેસ બંધ કરી દો.

- બટર સોસ માટે એક પેનમાં બટર ગરમ કરી તેમાં બારીક સમારેલું લસણ ઉમેરી સાંતળી લો. પાંચેક મિનિટ બાદ તેમાં ચિલી ફ્લેક્સ મેળવી ૧ મિનિટ સાંતળીને ગેસ બંધ કરી ઉતારી લો અને નાના બાઉલમાં કાઢી લો. - પરોઠા માટે લોટ બાંધવા માટે તેમાં ૧ ચમચી પાઉંભાજી મસાલો અને મીઠું સ્વાદ મુજબ મેળવી લોટ બાંધી લો અને ૧ ચમચી તેલનું મોણ આપી દો.

પછી લોટનો લૂવો લઈ પૂરી સાઈઝનો વણી લો. એમાં પાઉંભાજીવાળું મિશ્રણ ૧ ચમચી જેટલું લઈ ઉમેરીને ગોળો વાળીને બંધી કરી તેનું પરોઠું વણી લો અને તૈયાર કરેલું બટર સોસ વાપરીને તવામાં આ પરોઠા શેકી લો. આ પરોઠા બુંદીના રાયતા, દહીં કે લીલી ચટણી સાથે ગરમાગરમ પીરસો. ■

sanjogpurti@gmail.com

# ગોલુની કમાલ!



એક સરસ મજાનું ગણિતનું ગામ હતું. આ ગામમાં બધા અંકો રહેતા હતા. અને હા, આ બધા અંકોની વચ્ચે ત્યાં આપણો વહાલો ગોલુ શૂન્ય પણ રહેતો હતો!

ગોલુ કેવો હતો ખબર છે? એકદમ ગોળ-ગોળ, ગરમાગરમ રસગુલ્લા જેવો! પણ બિચારો ગોલુ બહુ ઉદાસ રહેતો. બીજા બધા અંકો તેને બહુ ચિડવતા હતા.

મોટો નવડો વટ મારીને કહેતોઃ "હું તો સૌથી મોટો! મારા જેવો ઠાઠ કોઈનો નહિ!" એકડો પણ કૂદકો મારીને કહેતોઃ "હું તો બધાથી આગળ જ હોઉં, એટલે હું જ હીરો!"

બધા અંકો ગોલુને જોઈને હસતાં અને કહેતાંઃ "અરે તું તો મીંડું છે, ગોળ ગોળ ઈંડું છે! તારી તો કોઈ કિંમત જ નથી!" ગોલુ વિચારતો, "શું હું ખરેખર નકામો છું?"

એક દિવસ એકડો ઉદાસ થઈને બેઠો હતો. તેને નવડાએ બહુ ચિડવ્યો હતો. ગોલુ તેની પાસે ગયો અને પૂછ્યું, "અરે એકડાભાઈ, તમે કેમ આમ ઉદાસ થઈને બેઠા છો?"

એકડાએ કહ્યું, "હું તો બહુ નાનો છું. પેલો નવડો મને બહુ હેરાન કરે છે."

ગોલુ હસ્યો અને બોલ્યો, "એકડાભાઈ, તમે જરાય ચિંતા ન કરશો! ચાલો હું તમારી જમણી બાજુએ આવીને ઊભો રહું છું! પછી જુઓ કમાલ!"

જેવો ગોલુ એકડાની બાજુમાં જઈને ઊભો રહ્યો કે... ઝૂઉઉમ! એક મોટો જાદુઈ અવાજ થયો! એકડો તો હવામાં ફુગ્ગાની જેમ ફૂલવા લાગ્યો! તેનું પેટ એકદમ મોટું થઈ ગયું. તેણે તળાવના પાણીમાં પોતાનું મોઢું જોયું તો તે ચોંકી ગયો! તે હવે ખાલી એક નહોતો રહ્યો. તે હવે નાનો નહોતો. હવે તે બની ગયો હતો દસ્સો! મોટો મોટો દસ્સો!

**રે વાર્તા!**
મનીષ સુથાર

એકડો તો ખુશીથી નાચવા લાગ્યો, "અરે વાહ! હું તો નવડા કરતાંય મોટો થઈ ગયો! આ તો શૂન્યની જાદુઈ કમાલ છે!"

આ નવો જાદુ જોઈને બીજા અંકોની આંખો ફાટી ગઈ! બગડો દોડતો દોડતો આવ્યો અને કરગરવા લાગ્યો, "ગોલુ ભાઈ, ગોલુ ભાઈ! પ્લીઝ, મારી બાજુમાં પણ આવી જાઓ ને!"

ગોલુ હસતાં હસતાં બગડાની બાજુમાં ઊભો રહ્યો. ફરી મોટો અવાજ આવ્યો - ઝૂઉઉઉમપ હવે બગડો બની ગયો વીસ!

પછી તો એક પછી એક બધા અંકો ગોલુને પોતાની બાજુમાં ઊભા રહેવા કહેવા લાગ્યા, "મારી બાજુ, મારી બાજુ." ગોલુને પણ મજા પડી. એ પણ એક પછી એક અંકની બાજુમાં ઊભો રહેવા લાગ્યો.

તગડો બન્યો ત્રીસ!

ચોગડો બન્યો ચાલીશ!

પાંચડો બન્યો પચાસ!

બધા અંકો જાડા-પાડા થઈને કૂદવા લાગ્યા. છેલ્લે પેલો નવડો રહ્યો. હવે તે એક ખૂણામાં મોઢું બગાડીને બેઠો હતો. કારણ કે હવે તે સૌથી નાનો દેખાતો હતો!

તે ધીમે પગલે ગોલુ પાસે આવ્યો. તેણે પોતાના કાન પકડ્યા અને બોલ્યો, "ગોલુ ભાઈ, મને માફ કરી દો. મેં તમારી ઘણી મજાક કરી. પણ તમારા વિના અમારી કાંઈ કિંમત નથી. પ્લીઝ મને પણ મોટો મોટો બનાવી દો ને!"

ગોલુ મીઠું હસ્યો અને નવડાની બાજુમાં જઈને ગોઠવાઈ ગયો - ઢિશૂમ! નવડો સીધો બની ગયો નેવુ! નવડો તો ખુશ થઈને ગોલુને ગળે વળગી પડ્યો.

બધા અંકો હવે ગોલુની આજુબાજુ ગોળ કુંડાળું વળીને તાળીઓ પાડતા ગાવા લાગ્યાઃ

"ગોળ ગોળ મીંડાભાઈ,
એ તો સૌના મોટાભાઈ! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# અમરેલીમાં સમસ્ત બ્રહ્મ સમાજનો સ્નેહનું સંભારણું કાર્યક્રમ યોજાયો

**સમાજને એકસૂત્રે જોડતી નવી વેબસાઇટનું લોકાર્પણ કરાયું**

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા અને શહેર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા 'સ્નેહનું સંભારણું' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સમાજના હોદેદારો, આગેવાનો, વડીલો અને ભુદેવ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સમાજની એકતા, સંગઠન અને સેવાભાવને વધુ મજબૂત બનાવવા માટે સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ સમાજ માટે તૈયાર કરવામાં આવેલી નવી વેબસાઈટનું લોકાર્પણ રહ્યું હતું. આ વેબસાઈટ દ્વારા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં વસતા તમામ બ્રહ્મ સમાજના પરિવારોની માહિતી એકત્રિત કરીને તેમને એક જ મંચ પર જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે નવી વેબસાઈટ માત્ર માહિતીનો સંગ્રહ નહીં પરંતુ સમાજના દરેક પરિવાર સાથે સતત સંપર્ક જાળવતું






મહત્વપૂર્ણ માધ્યમ બનશે. કાર્યક્રમ દરમિયાન સમાજના વિકાસલક્ષી આયોજન અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં રમેશભાઈ ઠાકર, છેલભાઈ જોષી, ઉદયનભાઈ ત્રિવેદી, અશ્વિનભાઈ ત્રિવેદી, એમ.જી. જોશી, આર. પી.મહેતા, પરેશભાઈ આચાર્ય, તનસુખભાઈ ઠાકર, મુકુંદભાઈ મહેતા, શરદભાઈ વ્યાસ, નરેશભાઈ અધ્યારૂ,નરૂભાઈ ત્રિવેદી બકુલભાઈ પંડ્યા સહિતના વડીલો તથા કિશોરભાઈ ભટ્ટ, મુકેશભાઈ ત્રિવેદી, હસુભાઈ જોશી, ડોક્ટર મુકેશભાઈ ત્રિવેદી, કિશોરભાઈ પાઠક આનંદભાઈ ભટ્ટ , વિપુલભાઈ વ્યાસ, હસુદાદા જોશી, સિદ્ધાર્થભાઈ ઠાકર, નિલેશભાઈ જાની, વી.પી.ધાંધિયા, યોગેશભાઈ દવે, સંદીપભાઈ ભટ્ટ, અતુલભાઈ ત્રિવેદી, ધવલભાઈ ઠાકર, અશ્વિનભાઈ ત્રિવેદી, ચંદ્રેશભાઈ મહેતા, જયેશભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ત્રિવેદી,સમીરભાઈ પંડ્યા, સંજયભાઈ જોશી સહિત તમામ હોદેદારો પરિવારની પસ્થિતિમાં જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ તુષારભાઈ જોશી એ જણાવ્યું હતું કે આ વેબસાઈટનું માત્ર માહિતીનો સંગ્રહ નહીં પરંતુ સમાજના દરેક પરિવાર સાથે જીવંત સંપર્ક જાળવતો સેવા અને સંગઠનનું સતત માધ્યમ છે સમાજના અંતિમ હરોળમાં રહેલા જરૂરિયાત મંદ પરિવાર સુધી સમયસર પહોંચીને તેમને સહાયરૂપ થવા તેમજ સમગ્ર બ્રહ્મ સમાજને એક સૂત્ર એ બાંધવાનો અમારો સંકલ્પ છે. કાર્યક્રમમાં અનેક વડીલો અને આગેવાનોએ માર્ગદર્શન આપ્યું હતું. સમાજને વધુ પ્રગતિશીલ, સેવાભાવી અને સુવ્યવસ્થિત બનાવવા માટે સૌએ સહિયારા પ્રયાસો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં રમેશભાઈ ઠાકર, છેલભાઈ જોષી અને એમ. જી. જોષીએ માર્ગદર્શન આપેલ હતુ. ઉદયભાઈ ત્રિવેદીએ પરશુરામધામનાં વિકાસ માટે વાત કરી હતી જયારે ભગીરથ ત્રિવેદીએ સૌનુ સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. અંતે કાર્યક્રમનું સફળ સંચાલન તેજસ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# દહેરાદૂન નજીક પથ્રેશ્વર મહાદેવ મંદિરમાં બે સાધુની નિર્મમ હત્યા

દેહરાદૂન,તા.૨૧


દેહરાદૂન નજીક પથ્રેશ્વર મહાદેવ મંદિરમાં રહેતા બે સાધુઓની ક્રૂર હત્યાનો મામલો સામે આવતા ચકચાર મચી ગઈ છે.

બંનેના મૃતદેહ મંદિર નજીક જંગલમાં ખાડો ખોદીને દફનાવેલા હાલતમાં મળી આવ્યા હતા. માહિતી મળતા પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં મંદિરમાં રોકાયેલા ત્રણ સાધુઓ પર શંકા વ્યક્ત કરવામાં આવી છે, જે ઘટના બાદથી ફરાર છે. ફોરેન્સિક ટીમે સ્થળ પરથી પુરાવા એકત્ર કર્યા છે. પોલીસનું માનવું છે કે હત્યા બાદ પુરાવા નષ્ટ કરવા મૃતદેહોને દફનાવવામાં આવ્યા હતા. ફરાર આરોપીઓની શોધખોળ માટે અનેક ટીમો કામગીરીમાં જોડાઈ છે.

# દિલ્હીના લોધી કોલોનીમાં ભીષણ આગ લાગતા માતા અને બે પુત્રીઓના કરુણ મોત

દિલ્હી,તા.૨૧

દિલ્હીના લોધી કોલોની વિસ્તારમાં આવેલા બીકે દત્ત કોલોનીના એક મકાનમાં ભીષણ આગ લાગતા માતા અને તેની બે પુત્રીઓના કરુણ મોત થયા છે. સવારે ૧૦:૨૧ વાગ્યે આગ લાગ્યાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને



લગભગ ૧૧:૧૦ વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી અને પોલીસ તપાસ શરૂ કરી છે. બીજી તરફ ફતેહ નગરમાં પાર્કિંગ લોટમાં આગ લાગતાં ચાર વાહનો બળીને ખાખ થયા હતા, જ્યારે આઠ લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા. દિલ્હીમાં છેલ્લા કેટલાક સમયથી આગની ઘટનાઓમાં વધારો નોંધાતા સુરક્ષા વ્યવસ્થાને લઈને ફરી સવાલો ઉભા થયા છે.

# રાજયમાં આગામી ૬ દિવસ ભારે વરસાદની કરાઈ આગાહી

**નદી-નાળાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને ખાસ સાવચેતી રાખવાની સલાહ**

અમદાવાદ,તા.૨૧


ભારતીય હવામાન વિભાગે ગુજરાતમાં ૨૬ જુલાઈ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. સુરત, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ સહિતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડી શકે છે. ૨૫ અને ૨૬ જુલાઈએ ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં ૧૨૪ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, જેમાં પારડીમાં સૌથી વધુ ૪.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે નદી-નાળાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી છે.

# પીએમ નિવાસસ્થાન નજીક કોંગ્રેસનું ધરણા પ્રદર્શન, રાહુલ-પ્રિયંકા સહિત અનેક નેતાઓની અટકાયત

**પીએમ મોદીએ વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી ગણાવી પેપર લીક મુદ્દે રાજકારણ ન કરવાની અપીલ કરી**

નવી દિલ્હી,તા.૨૧

નીટ પેપર લીક મુદ્દે કોંગ્રેસે પીએમ નિવાસસ્થાન નજીક વિરોધ પ્રદર્શન કર્યું. રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી સહિત અનેક નેતાઓએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના



રાજીનામાની માંગ સાથે સંસદથી કૂચ કરી હતી. પોલીસે અનેક નેતાઓની અટકાયત કરી હતી. રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે અન્યાય થઈ રહ્યો હોવાનો આરોપ લગાવ્યો અને સરકાર ચર્ચાથી બચી રહી હોવાનું જણાવ્યું. વિરોધ દરમિયાન અનેક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું. વિવિધ રાજકીય નેતાઓએ ઘટનાને લઈને અલગ અલગ પ્રતિક્રિયા આપી હતી. બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી ગણાવી પેપર લીક મુદ્દે રાજકારણ ન કરવાની અપીલ કરી હતી.

# અફઘાનિસ્તાનમાં અચાનક પૂર આવતા ૨૦ના મોત: ૧૦૦થી વધુ લોકો લાપતા

અફઘાનિસ્તાન,તા.૨૧

અફઘાનિસ્તાનના નુરિસ્તાન પ્રાંતમાં અચાનક આવેલા પૂરે ભારે વિનાશ સર્જ્યો છે.

આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૨૦ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦૦થી વધુ લોકો લાપતા હોવાનું જણાવાયું છે. ગુમ થયેલા લોકોની શોધ માટે બચાવ અને રાહત કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી



છે. પૂરના કારણે અનેક ઘરો, ખેતીની જમીન અને જાહેર સુવિધાઓને ભારે નુકસાન પહોંચ્યું છે.

અધિકારીઓએ લોકોને પૂરગ્રસ્ત અને નદી કાંઠાના વિસ્તારોમાં ન જવાની અપીલ કરી છે. હવામાન વિભાગે દેશના ૧૦ પ્રાંતોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને અચાનક પૂરનું એલર્ટ જાહેર કર્યું છે. વર્ષોથી નબળી માળખાગત સુવિધા, આબોહવા પરિવર્તન અને વનનાબૂદીના કારણે અફઘાનિસ્તાનમાં કુદરતી આફતોનું જોખમ સતત વધી રહ્યું છે.

# ઉનામાં ચાંદીપુરા વાયરસને કારણે બાળકનું શંકાસ્પદ મોત થતા તંત્ર એલર્ટ

ઉના,તા.૨૧

રાજયમાં ચાંદીપુરા વાયરસના કારણે અત્યાર સુધીમાં ચાર બાળકોના મોત થયા છે. મૃતક બાળકોના રિપોર્ટમાં ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થઈ છે. જ્યારે અન્ય છ બાળ દર્દીઓના મોત થયા છે, જેમાં વાયરસ જેવા શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા હતા. આ પરિસ્થિતિને પગલે રાજ્યનું આરોગ્ય તંત્ર સાવચેત બન્યું છે અને જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. પંચમહાલ જિલ્લામાં અત્યાર



સુધીમાં ૨૩ કેસ નોંધાયા છે, જ્યારે સાબરકાંઠામાં ૧૩ કેસ સામે આવ્યા છે. સાબરકાંઠા, પંચમહાલ અને ભાવનગર બાદ હવે ગીર સોમનાથ જિલ્લામાં પણ ચાંદીપુરા વાયરસથી બાળકનું મોત થતા ચિંતા વધી છે. આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ અને સારવારની કામગીરી તેજ કરવામાં આવી છે.

# લેબર પાર્ટીના એન્ડી બર્નહામ યુકેના નવા વડાપ્રધાન બન્યા

**રાજા ચાર્લ્સ સાથે મુલાકાત બાદ નવી સરકાર રચવા આમંત્રણ અપાયુ**

માન્ચેસ્ટર,તા.૨૧



લેબર પાર્ટીના નવા નેતા એન્ડી બર્નહામે યુકેના વડા પ્રધાન તરીકે સત્તાવાર રીતે પદ સંભાળ્યું છે. રાજા ચાર્લ્સ સાથે મુલાકાત બાદ તેમને નવી સરકાર રચવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. કીર સ્ટાર્મરે રાજીનામું આપીને સત્તા હસ્તાંતર કરી હતી. ગ્રેટર માન્ચેસ્ટરના મેયર રહેલા બર્નહામે સ્થિર અને જવાબદાર શાસન આપવાનું વચન આપ્યું છે. તેઓ ટૂંક સમયમાં નવી કેબિનેટની જાહેરાત કરશે.

# લીલીયામાં હડકાયા શ્વાને ત્રણ લોકો પર હુમલો કરતા લોકોમાં ફફડાટ ફેલાયો

લીલીયા,તા.૨૧

લીલીયા મોટામાં હડકાયા શ્વાનના આતંકથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. હડકાયા શ્વાને અલગ-અલગ સ્થળોએ હુમલો કરીને એક બાળક, એક મહિલા અને એક આધેડને ઈજાગ્રસ્ત કર્યા હતા. ઈજાગ્રસ્તોમાં ૬૦ વર્ષીય લલિતભાઈ બગડા, ૨૩ વર્ષીય કૈલાસબેન રાઠવા તેમજ ૮



વર્ષીય હિતેશ વાઘેલાનો સમાવેશ થાય છે. શ્વાને ત્રણેયને બચકા ભરતાં તેઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. બનાવ બાદ તમામને તાત્કાલિક સારવાર માટે લીલીયા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર કરવામાં આવી હતી. ઘટનાને પગલે ગામમાં દહેશતનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોએ તંત્રને હડકાયા શ્વાનને તાત્કાલિક પકડી લોકોને સુરક્ષા પૂરી પાડવા માંગ કરી છે.

# કોડીનારની મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં RSS સેવા શાખા દ્વારા સેમિનાર યોજાયો

કોડીનાર,તા.૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની સેવા શાખા દ્વારા આજે કોડીનારની મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય આશય વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને સેવાવૃત્તિ જાગૃત કરવાનો તેમજ શૈક્ષણિક ક્ષેત્રે મદદરૂપ થવાનો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા અને કોડીનાર સેવા પ્રમુખ પિયુષભાઈ બારડ દ્વારા વિદ્યાર્થીનીઓ અને આચાર્યો સમક્ષ સંઘના મૂળભૂત ઉદ્દેશ્યો વિશે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેમાં ચરિત્ર નિર્માણ અને રાષ્ટ્ર આરાધના:



સમાજમાં સમરસતા લાવવી અને આપત્તિના સમયે ભેદભાવ ભૂલીને નિઃસ્વાર્થ સેવા કરવી. રાહત દરે નોટબુક વિતરણઃ વિદ્યાર્થીઓને આર્થિક રાહત આપવા માટે 'માધવ સ્મારક સમિતિ' દ્વારા આગામી સમયમાં થનારા નોટબુક વિતરણની વિસ્તૃત રૂપરેખા આપવામાં આવી હતી. ભવિષ્યમાં સેવા શાખા દ્વારા સ્વાસ્થ્ય કેમ્પ, સ્કિલ ડેવલપમેન્ટ અને ગ્રામીણ ઉત્થાન જેવા ક્ષેત્રોમાં થનારા કાર્યોનું આગોતરું આયોજન રજૂ કરાયું હતું. આ કાર્યક્રમમાં તાલુકાના શૈક્ષણિક અગ્રણીઓ અને વિવિધ શાળાઓના સંચાલકો-આચાર્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ પોતાની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુક વિતરણ કરવાનો સંકલ્પ લીધો હતો.

# ધોરાજી BAPS સ્વામિનારાયણ મંદિરે કથા પારાયણ અને બાલ વિદ્વાનોનું બહુમાન

ધોરાજી,તા.૨૧

ધોરાજી સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે નડિયાદથી પધારેલા પૂજ્ય જનમંગલ સ્વામીની દિવ્ય કથા વાર્તાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જૂનાગઢ BAPS મંદિરના પૂજ્ય સેવામૂર્તિ સ્વામી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીજીએ પોતાના વક્તવ્યમાં


તસવીર : નયન કુહાડીયા

જણાવ્યું કે પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી લાખો લોકો વ્યસનમુક્ત બન્યા છે. તેમણે કૌટુંબિક શાંતિ અને એકતા માટે ઘરસભા યોજવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ દરમિયાન સંસ્કૃતમાં ૩૦૦થી વધુ શ્લોકો મુખપાઠ કરીને ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવનાર BAPSના બાલ વિદ્વાનોનું સ્વામીજીના હસ્તે પુષ્પહાર પહેરાવી વિશેષ સન્માન કરાયું હતું.

આ કથાનો ધોરાજી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના મોટી સંખ્યામાં હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક લાભ લીધો હતો.

**સરકારે અનેક અધિકારીઓ પાસેથી વધારાનો ચાર્જ પરત લઈ નિયમિત નિમણૂકો કરીને વહીવટી તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવાનો પ્રયાસ કર્યો**

# રાજયમા ૨૮ IAS અધિકારીઓની બદલી, અમરેલીમાં ડીડીઓ તરીકે એચ. જે.પ્રજાપતિ

જુનાગઢ,તા.૨૧

ગુજરાત સરકારે સામાન્ય વહીવટ વિભાગ મારફતે રાજ્યના ૨૮ આઈએએસ અધિકારીઓની મોટા પાયે બદલી અને નવી નિમણૂકો જાહેર કરી છે. આ ફેરફારો હેઠળ અનેક જિલ્લા વિકાસ અધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનરો, સરકારી નિગમોના મેનેજિંગ ડિરેક્ટરો તેમજ વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. સરકારના નિર્ણયથી વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ ફેરબદલ જોવા મળ્યો છે.

જુનાગઢ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર પ્રભવ જાશીને ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સ વિભાગ હેઠળ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના જૉઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમના સ્થાને આઈ. આર. વાળાને જુનાગઢ મ્યુનિસિપલ કમિશનરના પદની જવાબદારી સોંપવામાં આવી છે.

પોરબંદર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એચ. જે. પ્રજાપતિની બદલી કરીને તેમને અમરેલી જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી બનાવવામાં આવ્યા છે. સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના સીઈઓ રાજ રમેશચંદ્ર સુથારને હવે પોરબંદર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.




દાહોદના જિલ્લા વિકાસ અધિકારી સ્મિત સંતોષ લોઢાને સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નવી જવાબદારી આપવામાં આવી છે. જ્યારે હિરેન જિતેન્દ્રભાઈ બારોટને દાહોદના નવા જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સ્કિલ ડેવલપમેન્ટ વિભાગના ડિરેક્ટર કે. જે. રાઠોડને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર બનાવવામાં આવ્યા છે. ગૌરાંગ એચ. મકવાણાને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના નિયમિત મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડી. કે. પટેલને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીના ડિરેક્ટર બનાવવામાં આવ્યા છે. ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર ડી. કે. બ્રહ્મભટ્ટને ગાંધીનગરના જિલ્લા વિકાસ અધિકારી તરીકે મોકલવામાં આવ્યા છે, જ્યારે એમ. પી. પંડ્યાને ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર બનાવવામાં આવ્યા છે.

આ ઉપરાંત મહેશ જાનીને ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશનના મિશન ડિરેક્ટર, કે. પી. જોશીને દેવભૂમિ દ્વારકાના જિલ્લા વિકાસ અધિકારી અને એમ. ડી. ચૂડાસમાને પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજકોટ અને વડોદરામાં રિજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ સહિત ગ્રામ વિકાસ, ઊર્જા, સામાજિક ન્યાય, રોજગાર અને તાલીમ જેવા વિભાગોમાં પણ અનેક અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. સરકારે અનેક અધિકારીઓ પાસેથી વધારાનો ચાર્જ પરત લઈ નિયમિત નિમણૂકો કરીને વહીવટી તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

## સાબરકાંઠા સાયબર ક્રાઈમે વિદેશમાં નોકરી નામે છેતરપિંડી કરનાર આરોપી ઝડપ્યો

હિંમતનગર,તા.૨૧



સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર આરોપીની ઉત્તરાખંડમાંથી ધરપકડ કરી છે. આરોપીએ સોશિયલ મીડિયા મારફતે ફરિયાદી પાસેથી ૨૮.૬૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. તપાસમાં તેના ૧૪ બેંક ખાતાઓ અને ૧૨ રાજ્યોમાં નોંધાયેલી ૨૩ ફરિયાદો સામે આવી છે. પોલીસે મોબાઈલમાંથી મહત્વના ડિજિટલ પુરાવા પણ મેળવ્યા છે અને સમગ્ર સાયબર નેટવર્કની વધુ તપાસ શરૂ કરી છે.

## સુરતમાં ધોધમાર વરસાદથી જળબંબાકાર, નવસારીના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ

સુરત,તા.૨૧

સુરતમાં વહેલી સવારથી સતત વરસેલા ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન પ્રભાવિત થયું છે. શ્રીનિવાસ, અઠવાલાઈન્સ અને વેસુ સહિતના વિસ્તારોમાં માર્ગો અને રહેણાંક સોસાયટીઓ જળબંબાકાર બની હતી.



વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોએ મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. બીજી તરફ નવસારીમાં પણ માત્ર બે કલાકમાં એક ઈંચ વરસાદ પડતા અનેક માર્ગો પાણીમાં ગરકાવ થયા હતા. સિટી ગાર્ડન, રોયલ પાર્ક અને રિંગરોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા ટ્રાફિક પર અસર થઈ હતી. સ્થાનિકોએ વરસાદી પાણીના ઝડપી નિકાલ અને કાયમી ડ્રેનેજ વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

## નવસારીમાં આંતરરાજ્ય અફીણ સ્મગલિંગ રેકેટનો પર્દાફાશ, બે આરોપીની ધરપકડ

નવસારી,તા.૨૧



નવસારી જિલ્લાના વાંસદામાં એસઓજીએ દરોડો પાડી આંતરરાજ્ય અફીણ સ્મગલિંગ રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે રાજસ્થાનના બે આરોપીઓની ધરપકડ કરીને ૧.૧૫૫ કિલોગ્રામ અફીણ, રોકડ, ગ્રાન્ડ વિટારા કાર, મોબાઈલ અને અન્ય સામગ્રી સહિત કુલ ૧૮.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બે અન્ય આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી સમગ્ર નેટવર્કની વધુ તપાસ શરૂ કરી છે.

## ભાવનગરમાં ચાંદીપુરા વાયરસની શંકાએ એક બાળકનું મોત, આરોગ્ય વિભાગ સતર્ક

ભાવનગર,તા.૨૧

ભાવનગરની સર ટી હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ગીર સોમનાથ જિલ્લાના પાંચ વર્ષના બાળકનું મોત થયું છે. બાળકમાં ચાંદીપુરા વાયરસ જેવા લક્ષણો જોવા મળતા તેના સેમ્પલ ગાંધીનગરની લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. હોસ્પિટલમાં



આરટીપીસીઆર રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવા છતાં વધુ તપાસ હાથ ધરાઈ છે. થોડા દિવસ પહેલાં પણ ચાંદીપુરા વાયરસથી એક બાળકનું મોત નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. વલ્લભીપુર અને આસપાસના વિસ્તારોમાં ડોર-ટુ-ડોર સર્વે, બાળકોનું આરોગ્ય ચકાસણી અને દવા છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. અન્ય શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ પણ તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

## અમદાવાદમાં દીપડાની દહેશત યથાવત, ઘુમા બાદ ઝુંડાલ-ચાંદખેડા વિસ્તારમાં દેખાયો

અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં દીપડાની દહેશત યથાવત રહેતા શહેરમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઘુમા વિસ્તારમાં દીપડો દેખાયા બાદ હવે ઝુંડાલ અને ચાંદખેડા આસપાસ પણ દીપડો જોવા મળ્યાની ચર્ચાએ લોકોમાં ચિંતા વધારી છે. ઘુમાની એક



સોસાયટી નજીક દીપડો રોડ પરથી પસાર થતો સીસીટીવીમાં કેદ થયો હતો. ઘટનાની જાણ થતાં વન વિભાગ અને કાંકરિયા પ્રાણી સંગ્રહાલયની ટીમે ટ્રાન્કવિલાઈઝર ગન સાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સ્થળ પરથી દીપડાના ફૂટપ્રિન્ટ પણ મળી આવ્યા છે. સતત બીજી જગ્યાએ દીપડો દેખાતાની માહિતી બાદ વન વિભાગ એલર્ટ બન્યું છે અને સ્થાનિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## રાજકોટ મનપાની જનરલ બોર્ડ બેઠકમાં કોંગ્રેસ-વિજિલન્સ વચ્ચે થઈ ભારે ઝપાઝપી

રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બેઠક પહેલાં કોંગ્રેસના કોર્પોરેટરો બેનરો સાથે સભાખંડમાં પ્રવેશતા વિજિલન્સે રોકતા ઝપાઝપી સર્જાઈ હતી. આજી રિવરફ્રન્ટ, ડિમોલિશન ખર્ચ, દૂષિત પાણી, સફાઈ અને ગેરકાયદે દબાણ જેવા મુદ્દાઓ પર વિપક્ષે તંત્રને ઘેર્યું



હતું. ભાજપના કોર્પોરેટરોએ પણ પ્રજાલક્ષી પ્રશ્નો અંગે અસંતોષ વ્યક્ત કરતા મેયરે અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

## સુરતમાં સોનાની ખાણમાં રોકાણના નામે ૧.૬૩ કરોડની ઠગાઈ કરનારા ત્રણ ઝડપાયા

સુરત,તા.૨૧




સુરત સાયબર ક્રાઈમ પોલીસે સોનાની ખાણમાં રોકાણના નામે ૧.૬૩ કરોડથી વધુની ઓનલાઈન ઠગાઈ કરનાર ત્રણ આરોપીઓને ઉત્તરાખંડના કાશીપુરથી ઝડપી પાડ્યા છે. આરોપીઓ નકલી ટ્રેડિંગ એપ અને વેબસાઈટ મારફતે ઊંચા નફાની લાલચ આપી લોકોને ફસાવતા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## અમદાવાદમાં એએમસીનો જુનિયર ક્લાર્ક લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રોપર્ટી ટેક્સ વિભાગમાં ફરજ બજાવતા જુનિયર ક્લાર્ક જય દિનેશ કુલકર્ણીને એસીબીએ લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપીએ પ્રોપર્ટી ટેક્સ બિલમાં કબ્જેદાર તરીકે નામ દાખલ કરવાની અરજી મંજૂર કરવા માટે રૂ. ૫ હજારની લાંચ માંગી હતી.




અગાઉ રૂ. ૩ હજાર લીધા બાદ બાકીના રૂ. ૨ હજાર સ્વીકારતા દાણાપીઠ સ્થિત એએમસી સ્ટાફ કેન્ટીનમાંથી એસીબીએ ટ્રેપ ગોઠવી ધરપકડ કરી હતી. આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
હોસ્પિટલ naarihospitalamreli@gmail.com

## અંબાજીમાં ભાદરવી પૂનમની તૈયારીના ભાગરૂપે રોપ-વે ચાર દિવસ માટે બંધ કરાયો

અંબાજી,તા.૨૧

ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓના ભાગરૂપે અંબાજી ખાતે ગબ્બર પર્વત પર જતી રોપ-વે સેવા ૨૧થી ૨૪ જુલાઈ સુધી બંધ રાખવામાં આવી છે. યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખીને વાર્ષિક અને ટેકનિકલ મેન્ટેનન્સ હાથ ધરવામાં આવશે. કામગીરી પૂર્ણ થયા બાદ ૨૫ જુલાઈથી સેવા ફરી શરૂ થશે. આ



સમયગાળા દરમિયાન ગબ્બર ગોખના દર્શન માટે આવતા ભક્તો પગથિયાં મારફતે ગબ્બર પર્વત પર પહોંચી શકશે. મંદિર ટ્રસ્ટે યાત્રિકોને પ્રવાસનું આયોજન કરતી વખતે રોપ-વે બંધ રહેવાની નોંધ લેવા અપીલ કરી છે.

